વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિઓના
સમાચારનું ગુજરાતી માસિક



# કોશિશ થી કામયાબી

૧૫ ડિસેમ્બર-૨૦૧૬
અંક નં. ૪૮



દાતાશ્રીઓના હસ્તે
શ્રવણમંદ વિદ્યાર્થીઓને
ટેબલેટ વિતરણ



દાતાશ્રી તરફથી
સંસ્થાઓને ચેક વિતરણ



સી.પી. શાળામાં 'પેરેન્ટ્સ મીટ'નું
ઉદ્ઘાટન કરતા મહાનુભાવો



સંસ્થા તરફથી
સાધન સહાય



દિવ્યાંગો વચ્ચે ધારાસભ્ય
શ્રી વિભાવરીબહેન દવે

હવે આપ વેબસાઈટ www.klinstitutedeaf.org અને pnrsociety.org ઉપર પણ 'કોશિશ થી કામયાબી' જોઈ શકો છો

Koshish Thi Kamyabi ♦ RNI No. GUJGUJ/2013/48176 ♦ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ♦ Monthly ♦ Postage stamp in cash
Date of Publication : 15 December-2016 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24

# શ્રવણ સમસ્યાની અવગણના ન કરો,
## ઘણું મોડું થાય એ પહેલાં એની સારવાર કરો



## ભારત વેલ્વેટ ઓડિયો-સ્પીચ ક્લિનિક
### કેન્દ્રમાં નીચેની સમસ્યાઓનું નિવારણ થાય છે

- બહેરાશની સમસ્યા (બહેરાશનું પ્રમાણ જાણી શકાય)
- ભાષા અને વાણીનો મોડો / ધીમો વિકાસ
- તોતડાપણું
- ખામીયુક્ત અવાજ (ઉચ્ચારણ દોષ, પુરુષનો અવાજ સ્ત્રી જેવો તીણો અને સ્ત્રીનો અવાજ પુરુષ જેવો જાડો)
- બોલતી વખતે જીભ અચકાવી
- બહેરાશને કારણે ભાષા બોલવામાં તેમજ સાંભળવામાં / સમજવામાં ઊભી થતી મુશ્કેલીઓ
- કોક્લિયર ઈમ્પ્લાન્ટ રીહેબિલિટેશન



યોગ્ય નિદાન અને ઉપચાર માટે સંપર્ક કરો ...

## શ્રી ખી. લ. બહેરાંઓની શાળા

૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨. (ગુજરાત - ભારત)
ફોન : (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
તપાસ માટે સોમવાર થી શુક્રવાર, સવારે ૧૦ થી ૧ અને સાંજે ૪ થી ૫-૩૦
E-mail : klinstitute.deaf@gmail.com Visit us : klinstitutedeaf.org




(નિષ્ણાત ઓડિયોલોજીસ્ટ અને સ્પીચ થેરાપીસ્ટની ટીમનું માર્ગદર્શન)



IIC



CIC



ITC



RIE



BTE

### ક્લિનિકમાં ઉપલબ્ધ સેવાઓ

બહેરાશ તપાસવા ઓડિયોમીટર, ઈમ્પીડન્સ ઓડિયોમીટર, કોમ્પ્યૂટરાઈઝ્ડ સ્પીચ થેરાપી, ઓટો એકોસ્ટીક ઈમિશન અને બેરા, જુદી જુદી પ્રકારના કમ્પ્યૂટરાઈઝ્ડ શ્રવણયંત્રો તથા કોક્લિયર ઈમ્પ્લાન્ટ



ReSound
rediscover hearing

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- CONTENTS AT A GLANCE . . ૦૪
- 'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી ડે'ની ઉજવણી . . . . . . . . . . . . . . ૦૫
- 'નેરેટીવ થેરાપી વર્કશોપ'નું ઉદ્‌ઘાટન . . . . . . . . . . . . . . ૦૫
- બહેરાં મૂંગા શાળામાં વિશ્વ બધિર દિનની ઉજવણી . . . . ૦૬
- ધ એમીટી સી . . . . . . . . . . . ૦૬
- નેશનલ ટ્રસ્ટમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમાતા શ્રી મુકેશ જૈન . . . . ૦૭
- PRECIOUS GESTURE . . . . . ૦૭
- લોકાર્પણ કાર્યક્રમ - ૨૦૧૭ . . . . ૦૭
- સાફલ્ય ગાથા - મહેનતુ અને જિજ્ઞાસુ મુકેશ વાઘેલા . . . . . . . ૦૮
- શ્રદ્ધાંજલિ . . . . . . . . . . . . . ૦૮
- કપડાંના વિતરણનો કાર્યક્રમ . . . . ૦૯
- લાઈબ્રેરી કોર્નર . . . . . . . . . . . . ૦૯
- સંક્ષિપ્ત સમાચાર-PNR સોસાયટી-ઈમ્પેક્ટ ફાઉન્ડેશન-પ્રિવેન્શન . . . . ૧૦
- સંક્ષિપ્ત સમાચાર-PNR હૉસ્પિટલ . ૧૧
- નવા સાથીનો સંગાથ. . . . . . . . ૧૧
- પ્રજ્ઞાચક્ષુઓ માટે રેલ્વેમાં સગવડતા ૧૧
- સંક્ષિપ્ત સમાચાર-સી.પી. શાળા . . ૧૨
- અભિપ્રાય - આવકાર . . . . . . . . ૧૩
- સંક્ષિપ્ત સમાચાર-A.T.&T. ટેક.પાર્ક ૧૪
- સંક્ષિપ્ત સમાચાર-બહેરાં મૂંગા શાળા ૧૫
- સંક્ષિપ્ત સમાચાર-'અંકુર' શાળા . . ૨૦
- નૂતન વર્ષાભિનંદન . . . . . . . . . ૨૧
- શ્રી ખુશેન્દ્રભાઈની સંસ્થા મુલાકાત . ૨૧
- અમો ઋણી છીએ દાતાઓના . . . . ૨૨
- વાચકો લખે છે . . . . . . . . . . . . ૨૨


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મુકતાં આનંદની લાગણી અનુભવું છું.

## 'વિશ્વ વિકલાંગ દિન'

૩ જી ડિસેમ્બરે, સમગ્ર વિશ્વમાં, **'વિશ્વ વિકલાંગ દિન'** ની વિવિધ રીતે ઉજવણી થઈ રહી છે, જેમાં વિકલાંગો દ્વારા અનેકવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, જનજાગૃતિ રેલીઓ, સેમિનારો, સ્પર્ધાઓ, સન્માન સમારોહો વિગેરેનું આયોજન, વિવિધ સંસ્થાઓ કરી રહી છે.

આ સમગ્ર ઉજવણીનો હેતુ એ છે કે, સમગ્ર વિશ્વમાં આશરે ૭૦ થી ૧૦૦ કરોડ વિકલાંગોની સમસ્યાઓ અને તેમના અધિકારો અને સમાજમાં તેમના સ્વિકાર અંગે લોક જાગૃતિ કેળવાય.

ભારતમાં વિકલાંગોની ૩૦ વર્ષ પહેલાંની જે સ્થિતિ હતી, તેમાં ચોકકસ પરિવર્તન આવ્યું છે. વિકલાંગો માટે 'દિવ્યાંગ' અને 'ડિફરન્ટલી એબલ' શબ્દનો પણ સમાજમાં સ્વિકાર થવા લાગ્યો છે. વિકલાંગોના ક્ષેત્રે કાર્યરત અનેક સમાજિક સંસ્થાઓ અને તેના સમર્પિત કાર્યકર્તાઓ, દાતાઓ અને સરકારશ્રીની અનેકવિધ યોજનાઓ, નવી-નવી વૈજ્ઞાનિક શોધખોળો દ્વારા, વિકલાંગોનું જીવન વિવિધ રીતે ઉત્કૃષ્ટ બન્યું છે અને વિકલાંગોએ પણ પોતાને મળેલી તકોનો ઉપયોગ કરી, અનેકવિધ ક્ષેત્રોમાં પોતાની શ્રેષ્ઠતા સિધ્ધ કરી છે. છતાં હજી તમામ વિકલાંગો સુધી પહોંચી શકાયું નથી, તે હકીકત છે. આવો સૌ સાથે મળી, તેઓને વધારે તકો આપી, તેમના જીવનને સામાન્ય વ્યકિતની જેમ વધુ સમૃધ્ધ બનાવીએ.

✍ **કિરીટ રાઠોડ**

This life is short, the vanities of the world are transient, but they alone live who live for others, the rest are more dead than alive.


**- Swami Vivekanand**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2016-18, Monthly
- **અંક નં. : ૪૮**
  ડિસેમ્બર - ૨૦૧૬
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન : ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  ૨૪૩૧૧૬૦
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ, ગાંધીનગર.**
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક "શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર"ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **વૈશાલી યોગી**
  **નેહલ ત્રિવેદી**
  **શશીકાંત વડિયા**
  **આરિફ જેઠવા**
  **નીતા રૈયા**
  **હિના મહેતા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **મનસુખ સોરઠિયા**



- **જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : | રૂ. ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : | રૂ. ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : | રૂ. ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : | રૂ. ૧૫૦૦ |

# CONTENTS AT A GLANCE



✍ K. D. PADIA

### ◈ GUJARATI NEW YEAR

The Labh Pacham (5th November 2016) being the auspicious day of Gujarati New Year (2047) the staff exchanged greetings and pledged to work for the noble cause of empowering disabled with new vigour and dynamism.

### ◈ THE DEAF SPEAK !

A prestigious national event and workshop (26 Sept. to 5 Oct. 2016) organized by "Anaam Prem" specially for the deaf at Bhubaneshwar – Orissa, had participation of 18 students and 5 teachers of the K. L. Institute for the Deaf who came out with flying colours in the competition of News Reporting, Dil Ki Bhasha, Songs and Presentation by bagging first / second positions and cash prizes. The "Beti Bachao, Beti Padhao' theme 'Ladli' play staged was a hit qualifying standing ovation of the audience. Navratri Celebration, Participation in Khel Mahakumbh 2016, participation in 'Science Fair' bagging first prize for Thormoelectric Generator Model and visit to Mothers' Training run under aegis of Kusumben Rehabilitation Center of the Institute, organizing a meet for 'How to write Research Paper' and for 'Counselling Psychology PPT' for special educators of the Institute, Celebration of Teachers' Day, Sharad Purnima, CRE Programme have been the other highlights of the activity of the Institute. Hall-mark gesture has been the raising of a fund for kits of monthly rations to the Class IV workers of PNR and associated institutions. While 'Lions Club' President Shri Madhubhai Rachchha and Shri Hiteshbhai Kothari of 'Manav Seva Trust' have been the generous donors, Smt. Bindiben of the Institute has been initiator with blessing and guidance of Shri Ashwinbhai Pandya, Secretary of the Trust which runs the Institute.

### ◈ GENEROUS DONATION

The P. R. Vadhar Artificial Limb Center run by the K. L. Institute for the Deaf got generous donation of Rs. 20,00,000/- from Late Anupamaben (Zetunben) Ahmedali Kapasi Estate at the hands of its trustees S/Shri Vinubhai Parikh and Jitubhai C. Mehta. The Center organized 17 Camps outside Bhavnagar for knee-brace for 675 beneficiaries. A camp was also organized at Porbandar for Artificial Appliances where beneficiaries were 90.

### ◈ ICELAND COMES TO PNR

Iceland-based Shri Khushendrabhai Desai and his grandson Master Brondure visited PNR in November, 2016. Shri Desai and his wife late Thorunnben have been very sensitive to the cause of disabled. It is gratifying to record here that no visit of Desai family to PNR went without a donation. Even this time he donated a total of Rs. Six lakhs to the PNR and its associated institutions. This couple has been the single largest donor ever came across by PNR.

### ◈ THEY ARE NEAR-NORMAL !

The way the MR children of 'Ankur' celebrated Navratri and participated in Khel Mahakumbh 2016 bagging first order prizes speak squarely of the efforts of the management and teachers of Ankur School. The spectators were spell-bound to witness these events. Physiotherapy seminar and Legal Concert have been the other highlights of Ankur School for Mentally Retarded Children.

### ◈ C. P. SCHOOL SHINES

Organising Craft Workshop and Training Workshop for children with C.P., autism, multiple disabled and teachers of the school respectively were the highlights of the school activity. The children of this school also participated in Khel Mahakumbh '16 with glittering success and cash prizes.

### ◈ PREVENTION PROGRAMMES

While Rubella immunisation, blindness and deafness prevention continued its journey forward, the free plastic surgery camp and cataract camp drew beneficiaries of the order of 97 and 111 respectively.

### ◈ OTHER NEWS

PNR Hospital examined 3989 patients and performed 1739 surgeries of Ortho, Ophthal, ENT, Dental areas during September and October, 2016. Success stories, important information for the disabled and very many other activities carried out have been incorporated in detail in this issue.

# 'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી ડે' ની ઉજવણી



ભાવનગરની પી.એન.આર. સોસાયટી સંચાલિત, નટરાજ સેરિબ્રલ પાલ્સી (મગજનો લકવો) ધરાવતાં બાળકોની વિશિષ્ટ શિક્ષણ અને તાલિમ તથા સાર-સંભાળ માટેની સંસ્થા, દ્વારા **'૫ ઓક્ટોબર ૧૬'** ના રોજ **'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી ડે'** રંગેચંગે ઉજવવામાં આવેલ હતો.

વિશિષ્ટ બાળકો દ્વારા ગવાયેલ પ્રભુ પ્રાર્થના બાદ, સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ હતું. ઉપસ્થિત મહાનુભાવો શ્રી સતીશભાઈ ત્રિવેદી (શાસનાધિકારીશ્રી), સહજાનંદ કોલેજના ફિઝીયોથેરાપી વિભાગના ડૉ. નવજયોતભાઈ ત્રિવેદી, સર ટી.હોસ્પિટલના ડૉ. અધિશભાઈ, ડૉ. પ્રવિણભાઈ ગોંસાઈ તથા સંસ્થાના ટ્રસ્ટીગણ દ્વારા, દીપ પ્રાકટયથી સમારંભનું વિધિવત ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પધારેલ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અર્પણ કરી, અભિવાદન કરવામાં આવ્યું. પધારેલ મહાનુભાવો દ્વારા વિશિષ્ટ સિધ્ધિ પ્રાપ્ત કરનાર બાળકોને ઈનામો એનાયત કરવામાં આવેલ હતાં. સી.પી. સ્કૂલના પ્રિન્સીપાલ શ્રી જીજ્ઞાબેન શાહે **'વર્લ્ડ સેરિબ્રલ પાલ્સી ડે'** નું મહત્વ જણાવતાં **પ્રિવેન્શનથી રિહેબિલિટેશન** સુધીના બધાં પાસાઓની સવિસ્તર માહિતી આપી. વિશિષ્ટ બાળકોએ રજૂ કરેલ મનોરંજન કાર્યક્રમ તેઓના વાલીઓ, ટ્રસ્ટીગણ, કર્મચારીગણે ભરપૂર રીતે માણ્યો હતો. આભારવિધિ શ્રી પારસભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી.

# 'નેરેટિવ થેરાપીના વર્કશોપ'નું ઉદ્‌ઘાટન સંપન્ન




પી.એન.આર. સોસાયટી સંલગ્નિત, નટરાજ સેરિબ્રલ પાલ્સી સ્કૂલમાં, વિવિધ વિકલાંગતાઓ પર કામ કરતાં સ્પેશ્યલ એજ્યુકેટર, વાલીઓ તથા દિવ્યાંગો માટે તા.૭/૧૧/૨૦૧૬ ના રોજ, મુંબઈની **ઉમ્મીદ ચાઈલ્ડ ડેવલપમેન્ટ સેન્ટર**ના ફેકલ્ટી સર્વશ્રી રવિરાજ, જહાનઝેબ, દિશા તથા શ્રી ભગિરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી), સંસ્થાના શ્રી હર્ષકાંતભાઈ રાખશિયાની ઉપસ્થિતિમાં, પ્રભુપ્રાર્થના બાદ દીપ પ્રાકટયથી નેરેટિવ થેરાપી વર્કશોપનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ હતું. સી.પી. સ્કૂલના પ્રિન્સિપાલ શ્રી જીજ્ઞાબેન શાહ દ્વારા પધારેલ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવેલ હતું. અને વિકલાંગો દ્વારા નિર્મિત મેમેન્ટો અર્પણ કરવામાં આવેલ હતો. આ બે દિવસીય **નેરેટિવ થેરાપી**ના વર્કશોપમાં અમરેલી, તળાજા, જેસર, સુરત, સુરેન્દ્રનગર, અમદાવાદના તથા સ્થાનિક પ્રતિનિધિઓએ ભાગ લીધેલ હતો.

# બહેરાં મૂંગા શાળામાં 'વિશ્વ બધિર દિન'ની ઉજવણી

શ્રવણમંદ વ્યકિત સમાજમાં સ્વનિર્ભર બની, સ્વમાનથી પોતાનું જીવન જીવી શકે તે માટે સમાજને જાગૃત કરવાના હેતુસર, સમગ્ર વિશ્વમાં ઓકટોબર મહિનાના છેલ્લાં રવિવારે **વિશ્વ બધિર દિન**ની ઉજવણી થાય છે. આ દિવસની ઉજવણી શાળામાં ૨૬/૯ના રોજ કરવામાં આવી. આ વિશેષ દિને કોલેજોમાં, વિદ્યાર્થીઓમાં, તેમજ સમાજમાં શ્રવણમંદો માટે જનજાગૃતિ કેળવાય તે હેતુથી શાળાના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરાયેલ નાટક, શહેરની શ્રી વી.પી. કાપડિયા મહિલા આર્ટસ કોલેજ, સરકારી મેડિકલ કોલેજ, શ્રી ગુલાબરાય સંવઘી બી. એડ કોલેજ તથા મહેંદી કોલેજમાં પ્રસ્તુત કરવામાં આવ્યું. જેને સમધારણ વિદ્યાર્થીઓ દ્વારા સરસ આવકાર મળેલ.




શાળાના પ્રાર્થના સમયે, સમાજમાં સારી રીતે સ્વનિર્ભર બનેલા શ્રવણમંદોની **વિડિયો કલીપિંગ** બાળકોને બતાવેલ, તથા સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈએ દરેક બાળકોને શુભેચ્છા આપેલ.

સંસ્થાના મહાવીર ઓડિટોરિયમમાં બપોરે **રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ**ની પ્રસ્તુતી કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં શહેરની વિવિધ શાળાઓના પ્રતિનિધિઓએ હાજરી આપેલ. તેઓ શ્રવણમંદ બાળકોની કૃતિઓ નિહાળી અભિભૂત થયેલ અને પોતાના પ્રેરક ઉદ્‌બોધનમાં બાળકો તથા શિક્ષકોને અભિનંદન આપેલ. આ કાર્યક્રમમાં શ્રવણમંદ બાળકોને રોજગારી આપનાર વિવિધ એકમોના પ્રતિનિધિઓ પણ હાજર રહેલ. જેમાં હોટલ સારોવરના શ્રી પૂર્ણિમાબેન શર્મા અને વેલ્સપન (અંજાર) ના શ્રી નીતિનભાઈ સોલંકીનું અભિવાદન તથા સન્માન કરાયેલ. બધિર બાળકોને રોજગારી અપાવવામાં, સંસ્થાના વેલ્ફેર ઓફિસર શ્રી બિન્દીબેન ત્રિવેદીનો બહુ મોટો ફાળો રહયો છે.

સંસ્થાના સહ મંત્રી શ્રી મૃદુલાબેન દેસાઈએ આ દિવસનો હેતુ અને મહત્વ સમજાવેલ, શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદીએ બધિરોના વિવિધ ક્ષેત્રે પુનઃસ્થાપન વિશે વાત કરેલ. સમાજ સુરક્ષા ખાતાના શ્રી ભગીરથસિંહ ચુડાસમાએ આ પ્રસંગે પ્રેરક ઉદ્‌બોધન કરેલ. કાર્યક્રમની આભારવિધિ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના બંને વિભાગના આચાર્યા શ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી તથા શ્રી ઈલાબેન મજમુદારે કરેલ.

## "ધ એમીટી સી"

ડૉ. મંથન કાનાણી, વ્યવસાયે ડૉકટર પણ હૃદય કલાકારનું... જુદી-જુદી ઘટનાઓને **હૃદયગમ ફિલ્મીકરણ** કરનાર એક ખૂબ **સારા દિગ્દર્શક** ...! એક વખત આપણી શાળા પાસેથી નીકળ્યા હશે. આપણાં બાળકોને જોઈને, તેમનો કલાકારનો આત્મા સળવળી ઊઠયો. શાળામાં તેઓ આવ્યાં, બાળકોની દિનચર્યા જાણી અને ખૂબજ સુંદર રીતે તેને કચકડે કંડારી, અને એક ફિલ્મ બની **"ધ એમીટી સી"** શ્રી મંથનભાઈએ ખૂબજ માવજતથી બનાવેલી આ ફિલ્મમાં, આપણાં વિદ્યાર્થીઓને પણ કામ કરવાનો મોકો આપ્યો અને તારીખ ૨૨/૧૦ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરિયમમાં જીવનની નિરાશાને ખંખેરી, આગળ વધી



ધ્યેય પ્રાપ્તિની અનોખી સૂઝ આપતી આ ફિલ્મ, શાળાના બાળકો, શિક્ષકો સૌએ માણી. પોતાના જીવન પર બનેલી ૨૮ મિનીટની આ નાનકડી ફિલ્મે, શ્રવણમંદ બાળકોને ભાવવિભોર બનાવ્યા હતાં.

# નેશનલ ટ્રસ્ટમાં જોઈન્ટ સેક્રેટરી તથા ચીફ એક્ઝિ. ઓફિસર તરીકે નિમાતા શ્રી મુકેશ જૈન



શ્રી મુકેશ જૈને, બી.ઈ. (ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ટેલિકોમ્યુનિકેશન) ગોલ્ડ મેડલ સાથે, મૌલાના આઝાદ નેશનલ ઈન્સ્ટિટયુટ ઓફ ટેકનોલોજી, ભોપાલથી પાસ કરેલ છે. ઈન્ડિયન ઈન્સ્ટિટયુટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદથી M.B.A. તથા કેનેડા સ્કૂલ ઓફ ગવર્નમેન્ટ, હારવર્ડ યુનિવર્સિટી (U.S.A.) માંથી માસ્ટર ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશનની ડિગ્રિ મેળવેલ છે.

એક IPS ઓફિસર તરીકે તેમણે, મધ્યપ્રદેશમાં સુપ્રિટેન્ડન્ટ ઓફ પોલિસ, ઈન્સ્પેકટર જનરલ ઓફ પોલિસ તરીકે સેવા આપેલ છે. ૨૦૧૩-૧૪ માં તેઓ પાવર મંત્રાલયમાં, તેમજ ડિપાર્ટમેન્ટ ઓફ પાવરમેન્ટ ઓફ ડિસેબલ્ડ, જે સોસ્યલ જસ્ટીસ તથા ૨૦૧૪-૧૬ માં એમ્પાવરમેન્ટ મંત્રાલયમાં આવે છે, તેમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે નિમણૂંક પામેલ. વિશિષ્ટ વાત એ છે કે તેઓ **સુગમ ભારત અભિયાન**ના પાયાના વ્યકિત છે.

આમ શ્રી મુકેશભાઈ જૈન, IPS જુદા-જુદા મંત્રાલયના, તેમજ પબ્લિક ઓર્ડર માટેના તેમના બહોળા અનુભવ સાથે, નેશનલ ટ્રસ્ટમાં **જોઈન્ટ સેક્રેટરી** તથા **ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર** તરીકે ચાર્જ લેતા હોય, સૌને આનંદ થાય તે સ્વાભાવિક છે. તેમને અભિનંદન અને શુભેચ્છા !




U.S.A. Based Indian Doctors participated in the Anaheim Health Fair during 3-4 December 2016 where 765 needy American citizens were rendered Medical Service worth $213,555 on gratis-basis. Dr. Nitin Shah and his doctor-friends played a pivotal role.

# લોકાર્પણ કાર્યક્રમ-૨૦૧૭

પી.એન.આર. સોસાયટી, ભાવનગર અને તેની સંલગ્નિત સંસ્થાઓ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ, તા. ૭ જાન્યુ.૧૭, શનિવાર થી ૯ જાન્યુ. ૧૭, સોમવાર સુધી અનેકવિધ કાર્યક્રમો યોજાનાર છે, જેની તૈયારીઓને આખરી ઓપ અપાય રહયો છે. કાર્યક્રમમાં પધારવા સૌને આમંત્રણ છે.

## કાર્યક્રમ

**તા. ૭ જાન્યુઆરી ૨૦૧૭,**
**શનિવાર**
**રાત્રિના ૭-૩૦ કલાકે**
**દિવ્યાંગ બાળકોનો**
## રંગ દરબાર
**સ્થળ : મહાવીર ઓડિટોરિઅમ**
**બહેરાં મૂંગા શાળા**

**તા. ૮ જાન્યુઆરી ૨૦૧૭,**
**રવિવાર**
**સવારના ૯-૦૦ કલાકે**
## તક્તી અનાવરણ
**સવારના ૧૦-૩૦ કલાકે**
## ઉદ્દ્ઘાટન
## લોકાર્પણ સમારંભ
**સાંજે ૬-૩૦ કલાકે**
## સંગીત સંધ્યા
**સ્થળ : નટરાજ કેમ્પસ**

•

**તા. ૯ જાન્યુઆરી ૨૦૧૭, સોમવાર**
## સંસ્થા દર્શન

## સાફલ્ય ગાથા

# મહેનતુ અને જિજ્ઞાસુ મુકેશ વાઘેલા

(શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા) ✍ લીલાબહેન ચૌહાણ



બાળકનું નામ : **મુકેશ વાઘેલા**

ઉંમર : **૧૭ વર્ષ**

ડિસેબિલિટી : **શ્રવણમંદતા**




મહુવા તાલુકાનું ખરેડ ગામ, ખોબા જેવડા આ ગામમાંથી આવેલો શ્રવણમંદ બાળક મુકેશ, આજે મારા વર્ગ ૮ માં અભ્યાસ કરે છે. ધો. ૧ થી ૪ નું શિક્ષણ પોતાના ગામની પ્રાથમિક શાળામાંથી લઈને આવેલો આ છોકરો, જયારે મારા વર્ગમાં ધો. ૫ માં આવ્યો ત્યારે, તેની પાસે ન હતી ભાષા કે ન કોઈ શબ્દ ભંડોળ... માત્ર ગણિતના થોડાં ઘણાં દાખલા ગણતો, પરંતુ મુકેશનો માસુમ ચહેરો અને આંખની ચમક કંઈક જુદી હતી.

અભણ અને ખેત મજૂરી કરતાં પરિવારમાંથી આવેલો મુકેશ, ધીમે ધીમે શાળા તથા છાત્રાલયમાં સેટ થતો ગયો. ભણવામાં તે મધ્યમ, પણ તેની જીજ્ઞાસાવૃતિ અને કોઈ પણ કામ કરવામાં ઉત્સાહ જેવા ગુણોએ તેની ભણવા પ્રત્યે રુચી વધારી. કોઈ પણ કાર્ય તેને સોંપો, તે ખૂબજ માવજતથી અને ઓતપ્રોત થઈને કરે. એક વર્ષના સમયગાળામાં ગણિત-ભાષા જેવો વિષયો પર તેની પકડ વધતી ચાલી. ભાષા બે (વ્યાકરણ) જેવો વિષય તેને ગમવા લાગ્યો અને તે વિકસતો ગયો. સહઅભ્યાસક પ્રવૃત્તિના વર્ગમાં પણ, મુકેશ ખૂબ ચોકકસાઈથી કાર્ય કરે છે. ક્રાફટના વર્ગમાં તોરણ અને ટોડલિયા ખૂબ સુંદર બનાવે, શિવણવર્ગમાં શ્રી અરૂણભાઈ જેવા પારખું શિક્ષકે તેની સુઝને પકડી, શાળામાં સિવાયેલા યુનિફોર્મને ઈસ્ત્રી કરવાનું નાનું પણ ચોકસાઈવાળું કામ મુકેશને સોપ્યું. બધાંજ યુનિફોર્મ તેને ખંતથી ઈસ્ત્રી કર્યા. જેનું મહેનતાણું તેને રૂા. ૧૦૦૦/- અપાયું. તેને તરતજ આ પૈસા મને આપી કહયું, "આ પૈસા તમે સાચવો, મારા પપ્પા આવે ત્યારે હું તેને મારી મહેનતની પ્રથમ કમાણી આપીશ."

આ ટેકનોલોજી અને દેખા-દેખીના યુગમાં આ બાળકનો અભિગમ જોઈ, મને ખૂબ ખુશી થઈ. ભણવામાં મધ્યમ હોવાથી મેં તેને આ કામ કરવાની સલાહ આપી, તો તેણે કહયું, "હું આ કામ ચોકકસ કરીશ પણ મને હજી ભણવું છે.." મુકેશને કોઈ પણ કામ કરવામાં જરા પણ નાનપ લાગતી નથી. **શિક્ષક દિન**ના દિવસે તેને પટ્ટાવાળાની કામગીરી સોંપી, તો કોઈ પણ ક્ષોભ કે સંકોચ વગર આનંદથી તેણે કહયું કે હું આ કામસરસ રીતે કરીશ, તેને પટ્ટાવાળાની ફરજ ઉંમદા રીતે બજાવી.

શાળાના નાના-મોટા કાર્યક્રમોમાં તે ફોટોગ્રાફી પણ કરે છે. શ્રવણમંદ બાળકો મોટા ભાગે આવા નાના કાર્ય કરવામાં ક્ષોભ અનુભવે છે, નાનપ અનુભવે છે. પોતાની શ્રવણમંદતાને બાધારૂપ બનાવી કુટુંબમાં કે સમાજમાં સારી રીતે ભળતાં નથી. જયારે મુકેશ જેવું બાળક પોતાની ખામીને સિધ્ધિમાં પરિવર્તિત કરીને ભાગ્યને પલટાવી શકે છે. આજે તેના માતા-પિતા આ શાળામાં આટલો વિકસિત જોઈને, ખૂબ આનંદની લાગણી અનુભવે છે. મુકેશ તેના જીવનમાં ખૂબ-ખૂબ આગળ વધે તેવી શુભેચ્છા સાથે...

## શ્રદ્ધાંજલિ



**સ્વ. કાન્તાબેન રાવળ (ઉ.વ. ૮૫) નું તા. ૪-૧૨-૧૬ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તેઓ સંસ્થાના વરિષ્ઠ ટ્રસ્ટી શ્રી અનંતભાઈ રાવળના ધર્મપત્નિ અને સાચા અર્થમાં 'કોમરેડ' (પરમમિત્ર) બનીને તેમને જીવનભર સાથ આપનાર હતાં. સ્વ. કાન્તાબેન એક આદર્શ પત્નિ, કુટુંબ પ્રેમી, સંસ્કારી, ધાર્મિકવૃતિ તથા જાજરમાન વ્યકિતત્વ અને ઉત્તમ યજમાનગીરી કરનાર, અગ્રેસર મહિલા કોમરેડ હતાં. પોતાના બાળકોને તો શિક્ષણ, સંસ્કાર અને પ્રેમ આપ્યો પણ સાથે જ, રેલ્વે બોર્ડિંગમાં ''ગૃહમાતા'' નહીં, પરંતુ સાચા અર્થમાં વિદ્યાર્થીઓની 'માં' બનીને રહયાં હતાં. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના. ૐ શાંતિ ... ૐ શાંતિ ... ૐ શાંતિ ...**



**સ્વ. જયવંતિબેન મહેતાનું તાજેતરમાં મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. તેઓની રાજકીય કારકીર્દિ ખૂબજ સફળ રહેલી હતી. સાંસદ અને કેન્દ્રિય મંત્રી તરીકે તેઓએ કામગીરી કરેલી હતી. તેઓ આપણી સંસ્થાના શુભચિંતક અને દાતા પણ હતાં. તેઓ સંસ્થાની અવારનવાર મુલાકાત લઈ સંસ્થાના વિકાસમાં ઉંડો રસ ધરાવતાં હતાં. તેઓ ઉત્તમ વકતા પણ હતાં. પરમ કૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને પરમ શાંતિ પ્રદાન કરે એજ પ્રાર્થના. ૐ શાંતિ ... ૐ શાંતિ ... ૐ શાંતિ ...**

# કપડાંના વિતરણનો કાર્યક્રમ



શાળામાં શ્રી નાનાલાલ ભવાનભાઈ ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી જયંતભાઈ વનાણી (બુધાભાઈ) તથા તેમના પુત્રવધુ શ્રી દિશાબેન કેવટભાઈ વનાણી તરફથી શ્રવણમંદ બાળકોને એક જોડી નવા **કપડાંના વિતરણ**નો કાર્યક્રમ તથા અમેરિકાના વિદ્યાર્થી શ્રી ઋષિભાઈ શાહ તરફથી **ઈ લર્નિંગ** કાર્યક્રમ હેઠળ, ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને **ટેબ્લેટ વિતરણ** કાર્યક્રમ તા. ૨૫/૧૦ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં યોજાયેલ. આ કાર્યક્રમમાં દાતાશ્રીઓના પ્રતિનિધિ શ્રી ગિરીશભાઈ સંઘવી, શ્રી બી.પી. જાગાણી, શ્રી મહેશભાઈ ભટ્ટ તથા શ્રી જે.ડી. પટેલના વરદ્ હસ્તે કપડાં, તેમજ ટેબ્લેટનું વિતરણ કરવામાં આવેલ. સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈએ સૌને આવકારેલ અને શ્રવણમંદ બાળકો માટેના સંસ્થાના **ઈ લર્નિંગ પ્રોજેક્ટ** વિશે માહિતી આપેલ.



શાળામાં ભણતાં શ્રવણમંદ બાળકો દ્રશ્ય-શ્રાવ્ય સાધનો દ્વારા ખૂબ સરળતાથી-સુગમતાથી શિક્ષણ પ્રાપ્ત કરી શકે તે હેતુથી ઈ લર્નિંગ પ્રોજેક્ટ હાથ ધરાયેલ છે. જેના પ્રથમ તબક્કામાં ધો. ૧૧ ના વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરવામાં આવેલ.

## લાઈબ્રેરી કોર્નર

# વધુ પડતાં અવાજ શ્રવણ શકિત માટે નુકશાનકારક છે

**સંકલન : ચેતનાબેન મુલાણી**



આપણાં વર્તમાન જીવનમાં આસપાસના વાતાવરણમાં, વધુ પડતાં મોટા અવાજની આરોગ્ય ઉપર અસર થાય છે. ખાસ કરીને સામાન્ય વ્યકિત ૬૦ ડેસિબલના અવાજ સહેલાઈથી સાંભળી શકે છે. ૮૫ ડેસિબલ (અવાજનું સ્તર) ના અવાજો, આપણી શ્રવણશકિત પર માઠી અસર કરે છે, જેથી શ્રવણશકિત અર્ધ અથવા સંપૂર્ણ બહેરાશ, લોહીનું ઉંચું દબાણ, માનસિકતાણમાં વધારો તથા એકાગ્રતામાં સતત ખલેલ, કલર બ્લાઈન્ડનેસ, માથાનો દુખાવો, પાચનશકિતનો અભાવ, વગેરે જેવી અસરો થઈ શકે છે.

ફટાકડા, વાહનો, મશીનરી, ટ્રેઈનના સતત અવાજો. વાહનોના હોર્ન, આવા અવાજ પ્રદુષણથી સતત સાવધાન રહેવું હિતાવહ છે. સરકારશ્રી અને એન.જી.ઓ. દ્વારા પણ, **અવાજના પ્રદુષણ**ને રોકવા કાર્યક્રમો યોજાય છે.

**સંદર્ભ : સંદેશ સમાચાર**


# 'કોકલીયર ઈમ્પ્લાન્ટ' ની સારવારના ખર્ચનું વળતર મળશે

૧ થી ૧૬ વર્ષના બાળકો, જે જન્મજામત સાંભળી શકતા નથી, તેવા બાળકોની બહેરાશ દૂર કરવા **'કોકલીયર ઈમ્પ્લાન્ટ'** કરવામાં આવે છે. કોકલીયર ઈમ્પ્લાન્ટ સિસ્ટમ ઓપરેશનની સારવાર કરાવવાથી, જન્મજાત વિકલાંગતા દૂર કરી, બીજા બાળકોની જેમ સામાન્ય જિંદગી જીવી શકે છે. આ સારવાર ઘણી મોંઘી હોય, રાજય સરકારે પોતાના કર્મચારીઓના સંતાનોને આ સારવારના ખર્ચનું વળતર આપવાનો નિર્ણય કર્યો છે, એમ આરોગ્ય વિભાગના ઠરાવમાં જણાવાયું છે. વધુમાં કોકલીયર ઈમ્પ્લાન્ટની સારવાર કર્મચારીઓએ સરકારી હોસ્પિટલમાં લીધેલી હોવી જરૂરી છે. આ માટે કર્મચારીના ૧ થી ૧૬ વર્ષના બાળકોને જ ખર્ચ મળવાપાત્ર થશે. સરકારી હોસ્પિટલ / સિવીલ હોસ્પિટલ, અમદાવાદના ઈ.એન.ટી. ના તજજ્ઞ ડૉક્ટર દ્વારા ભલામણ થઈ હોય તેવા, **મલ્ટિચેનલ કોકલીયર ઈમ્પ્લાન્ટ** માન્ય રહેશે. ઓપરેશન કરાવતાં પહેલાં પ્રિ-ઈન્વેસ્ટિગેશન, જરૂરી ટેસ્ટ કરાવવાના અને તેના આધારે માન્યતા મંજૂરી મેળવવાની રહેશે. આ ઓપરેશન માટેની કિંમત મર્યાદા રૂા. ૫,૩૫,૦૦૦/- ની રહેશે. જેમાં ઉંમર અને દવાને ધ્યાને લઈ ખર્ચ મંજૂર કરવામાં આવશે.



# સંક્ષિપ્ત સમાચાર

✍ પારસ શાહ



## PNR, IMPACT-UK, Dalal Family Foundation-USA પાર્ટનરશીપ પ્રોગ્રામ, પ્રિવેન્શન

### રૂબેલા (નૂરબીબી) પ્રિવેન્શન :-



પી.એન.આર.સોસાયટી, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન યુ.કે. તથા ધ દલાલ ફેમેલી ફાઉન્ડેશન, યુ.એસ.એ.ના કોમ્પ્રિહેન્સિવ ડિસેબિલિટી પ્રિવેન્શન એન્ડ વેલ બીઈંગ પાર્ટનરશીપ પ્રોગ્રામ અંતર્ગત, વિકલાંગ **બાળ જન્મ અટકાવ** અભિયાન **રૂબેલા પ્રિવેન્શન પ્રોજેક્ટ**, નીચે ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૬ દરમ્યાન પાલિતાણા, ગઢડા, વલભીપુર, શિહોર, તાલુકાના તથા બોટાદ જિલ્લાની સામાજિક સંસ્થાઓ, ભાવનગર આઈ.સી.ડી.એસ. તળાજા વગેરેનો ખૂબ સહકાર મળ્યો હતો. ગામડાઓમાં **૧૭** સ્કૂલ તથા કોમ્યુનિટીમાં મળીને કુલ **૧૧૩૪** ને, **રૂબેલાની અવરનેસ** આપવામાં આવેલ છે. તેમાં **૬૭૮** ને **રૂબેલા રસીકરણ** કરવામાં આવેલ છે.

### ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ :-



ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૬ માં ડેફનેસ-બ્લાઈન્ડનેસ પ્રિવેન્શન પ્રોજેક્ટ અંતર્ગત, ગારિયાધાર, પાલિતાણા, બોટાદ, તાલુકાની પ્રાથમિક શાળાઓના બાળકોની આંખ, કાનની પ્રાથમિક તપાસ કરવામાં આવેલ. વિકલાંગતા અટકાવ અભિયાન અંતર્ગત, પી.એન.આર. સોસાયટી આ સેવા કાર્ય કરી રહી છે, જેમાં ૨૭૨૨૨ બાળકોની તપાસ થઈ, તેમાંથી ૮૮૧ બાળકોને **"રિફ્રેક્શન એરર"** હોય તેને, **વિનામૂલ્યે ચશ્માં વિતરણ** કરવામાં આવ્યું. આ ઉપરાંત આંગણવાડીના દરેક બાળકોને વિટામીન **'એ'** ના ડ્રોપ્સ પીવડાવવામાં આવ્યાં, તેમજ કાનમાં રસી, પડદામાં કાણું, તેમજ હાડકીનો સડો વિગેરે તકલીફવાળા બાળકો માટે, **બે** ઈ.એન.ટી. કેમ્પનું આયોજન કરવામાં આવ્યું. જેમાં **૧૭૮** બાળકો આવ્યાં હતાં. તેમાંથી **૦૫** બાળકોને, કાનના પડદામાં કાણાંના ઓપરેશન કરી આપવામાં આવ્યાં હતાં.

### પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :-




ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૬ દરમ્યાન બે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કુલ **૯૭** બાળકોને તપાસી તથા લેસર ટ્રીટમેન્ટ માટેના નિદાન કરી, કુલ **૦૪** બાળકોના ફ્રી ઓપરેશન કરી આપવામાં આવ્યાં છે. જેમાં **૨ કપાયેલા હોઠના, ૧ તાળવામાં કાણાંના** તેમજ **૧** પોસ્ટ બર્ન ઓપરેશન, મુંબઈનાં ડૉ.નરેશ વાઘવાએ કર્યા હતાં. તેમાં હેર રીમુવલ, સ્કાર પીગમેન્ટેશન,ટેટુ રીમુવલ વિગેરેના ૧૯ દર્દીઓ, આ અત્યાધુનિક યુનિટનો લાભ લઈ રહયાં છે. તેમજ કોસ્મેટિક સેન્ટરમાં હેર ટ્રાન્સપ્લાન્ટ માટે નિદાન, માર્ગદર્શન તથા રજીસ્ટ્રેશન માટેનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પ ડૉ.નરેશ વાઘવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા તથા ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક), પ્રિવેન્શન ડિપાર્ટમેન્ટનો સ્ટાફ તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી, સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો.

**મોતિયાનો નિદાન અને સારવાર કેમ્પ :-**


ઓકટોબર થી નવેમ્બર - ૨૦૧૬ દરમ્યાન પી.એન.આર. હોસ્પિટલનાં **"શ્રીમતી જયાલક્ષ્મી વૃજલાલ મહેતા તથા શ્રી વૃજલાલ ઓઘવજી મહેતા-અમરેલીવાળા"** આંખ વિભાગ દ્વારા, હોસ્પિટલ ખાતે નિદાન તથા સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. આ બે મહિનામાં **૬૨૮** ની ઓ.પી.ડી. કરાવામાં આવી.જરૂરિયાતમંદ લોકોને મફત દવા, ટીપા વગેરે વિતરણ કરેલ હતું. **૪૭** લાભાર્થીને વિનામૂલ્યે લેન્સ બેસાડી તથા **૪૦** લાભાર્થીને રાહત દરે ફોલ્ડેબલ લેન્સ બેસાડી, મોતિયાનાં ઓપરેશન કરી આપવામાં આવેલ હતાં. તેમજ **૨૪** દર્દીઓની છારી કાઢી આપવામાં આવી હતી.





# સંક્ષિપ્ત સમાચાર

મહાસુખભાઈ જકડિયા
તથા પ્રદિપભાઈ ભટ્ટ



## પી. એન. આર. હૉસ્પિટલ

**પી.એન.આર. હોસ્પિટલમાં સપ્ટેમ્બર-૨૦૧૬ અને ઓકટોબર-૨૦૧૬ દરમ્યાન નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહત દરે સારવાર આપવામાં આવેલ છે.**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા | વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશનના દર્દીની સંખ્યા |
|---|---|---|---|---|---|
| ઓર્થોપેડિક | ૩૧૦ | ૧૦૬ (૩ પોલિયો) | ડેન્ટલ | ૧૪૧ | ૧૨૭ |
| આંખ | ૫૯૫ | ૧૩૯ | જનરલ ઓપીડી | ૧૦૪૮ | - |
| છારી કાઢેલ | ૩૬ | - | હોમિયોપેથી | ૨૬૮ | - |
| ઈ.એન.ટી. | ૬૭૦ | ૧૩ | એક્ષ-રે | ૧૯૨ | - |
| ઓર્થોસ્કોપી | ૫૩ | - | લેબોરેટરી | ૪૭૩ | ૧૩૩૦ (ટેસ્ટ) |
| પ્લાસ્ટિક સર્જરી | ૬૯ | ૧૧ | ત્રાંસી આંખ | - | ૬ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૩૨ | ૭ | એક્યુપ્રેશર કેમ્પ | ૧૦૨ | - |

# નવા સાથીનો સંગાથ

સંસ્થાની સેવાયાત્રાના વર્ષો જુના સંગાથી અને દાતા તથા મુંબઈના પૂર્વ મેયર ડૉ. શ્રી મોહનભાઈ પટેલના ચીલે, તેમના જ વારસદાર પુત્ર **શ્રી કાર્તિક મોહનભાઈ પટેલને**, સુરજબા ચેરિટેબલ ટ્રસ્ટ, મુંબઈ દ્વારા, શાહ શ્રી ખીમચંદ લક્ષ્મીચંદ બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટમાં પ્રતિનિધિત્વ કરવા માટે ભલામણ કરવામાં આવેલ હતી. તે મુજબ હાલમાં મળેલી કારોબારીમાં તેઓશ્રીને **ટ્રસ્ટી** તરીકે સર્વાનુમતે નિયુકત કરવામાં આવેલ છે. જે માટે સંસ્થા તેઓશ્રીનું સ્વાગત કરતાં ગૌરવ અનુભવે છે.

# પ્રજ્ઞાચક્ષુઓ માટે રેલ્વે કોચમાં સીટ નંબર શોધવા ખાસ સગવડતા


રેલ્વેમાં મુસાફરી કરનાર પ્રજ્ઞાચક્ષુ યાત્રીઓ પોતાની મેળે રેલ્વેના કોચમાં પોતાના સીટ નંબર શોધી શકે તે માટે, નવા ડિઝાઈનવાળા રિઝર્વેશન કોચમાં દરેક સીટ ઉપર, **બ્રેઈલ લિપિમાં સીટ નંબર** લખવામાં આવનાર છે. આ કોચ, ભોપાલમાં આવેલ ભારતીય રેલ્વે કોચમાં ફેકટરીમાં તૈયાર થઈ રહયાં છે.

**સંદર્ભ : સૌરાષ્ટ્ર સમાચાર**




# સંક્ષિપ્ત સમાચાર

✍ જીજ્ઞાબહેન શાહ



## મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની વિશિષ્ટ શાળા

### અંધશાળા ખાતે નવરાત્રી ઉજવણી :



તા. ૮/૧૦ ના રોજ અંધ શાળા ખાતે નવરાત્રી ઉજવણી કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૭૦ બળકો તથા સમગ્ર સ્ટાફે ઉમંગ ઉત્સાહભેર ભાગ લઈ રાસાગરબાની રમઝટ બોલાવી હતી. જેમાં શાળાના ટ્રસ્ટીગણ પણ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરી રહયાં હતાં. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓને ઈનામો પણ આપવામાં આવ્યાં.

### અગ્રવાલ હોલ ખાતે નવરાત્રી ઉજવણી :

તા. ૧૦/૧૦ ના રોજ, શાળાના શુભચિંતક તથા દાતાશ્રી અંબિકાબેન ટેકરીવાલ, (સેક્રેટરી, અગ્રવાલ સમાજ) દ્વારા અગ્રસેન હોલ ખાતે, નવરાત્રી નિમિત્તે વિદ્યાર્થીઓ માટે રાસગરબાનું સુંદર આયોજન કરવામાં આવેલ, સાથે ભોજન તથા ગીફ્ટ આપી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. જેમાં ૩૮ બાળકો તથા ૧૫ સ્ટાફે ભાગ લીધેલ.

### જન્મ દિવસની ઉજવણી :

તા. ૧૧/૧૦ ના રોજ, સ્થાનિક દીપક હોલ ખાતે, **જુનિયર અમિતાભ બચ્ચન**ના જન્મદિવસની ઉજવણી પ્રસંગે, દિવ્યાંગ જરૂરિયાતમંદ બાળકોને કીટ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ, જેમાં સી.પી. સ્કૂલની ૧૦ બાળાઓએ, શિક્ષક શ્રી જયોતિબેન પરમાર સાથે કાર્યક્રમનો આનંદ માણેલ.

### ખેલ મહાકુંભનું આયોજન :

તા. ૧૬/૧૦ ના રોજ, ભાવનગરના સીડ ગ્રાઉન્ડ ખાતે, ભાવનગરના સાંસ્કૃતિક અને રમત-ગમત વિભાગના અધિકારી શ્રીમતિ સીમાબેન ગાંધીની ઉપસ્થિતમાં, સી.પી., એમ.આર., બાળકો માટે **ખેલ મહાકુંભ રમતોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવનું વિશિષ્ટ શાળાઓ એસ.એસ.એ. અને આર.એમ.એસ.એ.



અંતર્ગતની સામાન્ય શાળાઓમાંથી ૧૫૦૦ જેટલાં, સી.પી., એમ.આર. રમતવિરોએ એથ્લેટિકસ તથા ગ્રુપ ગેમમાં ભાગ લીધો હતો. સી.પી. સ્કૂલના કુલ ૬૫ વિદ્યાર્થીઓમાંથી ૨૩ વિદ્યાર્થીઓએ એક, બે અને ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરી રૂા. ૫૦૦૦/-, રૂા. ૩૦૦૦/- અને રૂા. ૨૦૦૦/- ના રોકડ પુરસ્કાર તથા ગોલ્ડ, સિલ્વર અને બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ. આ કાર્યક્રમમાં સ્કૂલના શ્રી કાર્તિકભાઈ વ્યાસ અને શ્રી વરૂણભાઈ વ્યાસે કામગીરી કરી હતી અને તમામ શૈક્ષણિક સ્ટાફ તથા એટેન્ડેન્ટસે, બાળકોને રમતો રમવા માટે સહાયતા અને પ્રોત્સાહિત કર્યા હતાં.

### ક્રાફટ વર્કશોપનું આયોજન :



તા. ૨૦/૧૦ ના રોજ, નટરાજ સી.પી. સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓ સ્ટાફ, વાલીઓ તથા દિવ્યાંગ મહિલાઓ માટે એક દિવસીય **ક્રાફટ વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલ. આ વર્કશોપમાં **તજજ્ઞ** તરીકે પૂર્વીબેન સોલંકી, ક્રાફટ ટીચર અને કો-ઓર્ડિનેટર તૃપ્તીબેન મહેતાએ દરેક તાલિમાર્થીઓને ચાર આઈટમો શિખવી હતી. જેમાં કુલ ૩૦ જેટલાં રસ ધરાવતાં લાભાર્થીઓએ ભાગ લીધો હતો અને આકર્ષક વુડન ટ્રે, આરતીની થાળી, એકેલીક રંગોળી, ટ્રાન્સપરન્સી તોરણ બનાવ્યું હતું.

## તાલીમ વર્કશોપનું આયોજન :

તા. ૨૪/૧૦ ના રોજ, નટરાજ સી.પી. સ્કૂલ તથા તેના પેટા વિભાગો વિકાસ પ્રોજેક્ટ તથા રિસોર્સ સેન્ટરના લાભાર્થીઓના વાલીઓ માટે; **એક દિવસીય તાલીમ વર્કશોપ**નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૧૨૫ બાળકોના વાલીઓએ, નટરાજ ઓડિટોરિયમમાં દિવસ દરમ્યાન નિમંત્રીત વિવિધ ક્ષેત્રના તજજ્ઞનો જ્ઞાનનો લાભ લીધો હતો. તેના ઉદ્ઘાટન પ્રસંગમાં શ્રી ભગિરથસિંહ ચુડાસમા (જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી) ડૉ. પટેલ (સિનીયર મેડિકલ ઓફિસર) અને સંસ્થાના મંત્રીશ્રી તથા ટ્રસ્ટીગણ ખાસ ઉપસ્થિત રહયાં હતાં. આ ઉપરાંત શ્રીમતિ સોનલબેન દેસાઈ, શ્રી જયેશભાઈ ધંધુકિયા, શ્રી તુષારભાઈ જોગલેકર, ડૉ. ધવલ સોલંકી સાહેબ, કુ. શિવાગી મહેતા અને ઓડિયોલોજીસ્ટ અનીલસિંહ દ્વારા, વાલીઓ અને સ્ટાફને ઉપયોગી જાણકારી આપવામાં આવી હતી. સંસ્થા દ્વારા તજજ્ઞોને, દિવ્યાંગ વિદ્યાર્થીઓ નિર્મિત, આકર્ષક ગીફ્ટ અને મોમેન્ટોથી સન્માનીત કરવામાં આવેલ. આ વાલી વર્કશોપમાં મેડિકલ સર્ટિફીકેટ અંગેના પ્રશ્નો, નિરામયા હેલ્થ પોલીસી, બાળકોના કુમારાવસ્થાના પ્રશ્નો, કોકલીયર ઈમ્પ્લાન્ટ પછીની સારવારની અગત્યતા, વર્તનગત સમસ્યાઓ અને નિવારણ, ઓટિઝમની વહેલી ઓળખ અને સારવાર, સંગીતની તાલીમ દ્વારા બાળકોની ક્ષમતાનો વિકાસ, ખેલ મહાકુંભ અને સ્પેશયલ ઓલમ્પિક દ્વારા દિવ્યાંગોની ખેલકૂદમાં સફળતા વિશે, માહિતીનું આદાન-પ્રદાન અને ચર્ચા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સી.પી. ડિપાર્ટમેન્ટના દરેક સ્ટાફ દ્વારા, ટીમવર્કમાં કામગીરી કરવામાં આવેલ.

## શુભેચ્છક તથા દાતાશ્રીની મુલાકાત :



તા. ૨૨/૧૧ ના રોજ, સંસ્થાના શુભેચ્છક તથા દાતાશ્રી એવા શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તથા તેમના પૌત્રશ્રીએ, નટરાજ સી.પી. સ્કૂલના દરેક વિભાગની બારીકાઈથી મુલાકાત લીધેલ અને ભવિષ્ય માટે શુભકામના પાઠવેલ. આ મુલાકાત દરમ્યાન સહમંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ પણ સાથે રહી, વિવિધ પ્રવૃત્તિઓની માહિતી આપેલ. શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તરફથી સંસ્થામાં અધ્યતન 'મેટ્રિક્સ થેરાપી' અપાઈ છે, તેમાં અનેક બાળકોને હાથ-પગની સર્જરીની આવશ્યકતા દૂર કરી પીડામુકત હલનચલન શીખવવામાં આવી રહયું છે.

## અભિપ્રાય

**માનનીયશ્રી અનંતભાઈ શાહ**
**(બાબાભાઈ)**

આપે માનવસેવામાં ૬૦ વર્ષ પૂર્ણ કર્યા અને હજુ આપની અમૂલ્ય સેવા ચાલું છે, એ ખૂબ સરાહનીય અને અજોડ છે. બહેરાં મૂંગા શાળા, અંકુર, પી.એન.આર. સોસાયટી, એ આજે રાષ્ટ્રીય કક્ષાએ જાણીતી છે. જેના પાયામાં, આપ જેવાની **મહેનત-ખંત અને જીવન ધ્યેયનું ઝનૂન પડેલાં છે.** આ સારા કામના આપના ઝનૂને, આપને આ ઉંમરે પણ જૂવાનીના જોમ જેમ, કામ કરવાની શકિત અને પ્રભા આપ્યાં છે, આપે એ કામ માથે લીધું, જેમાં સમાજમાં ઉપેક્ષિત અને પીડાતા બાળકોની સમસ્યા હતી, જેનું કામ લેવા બીજા NGO ભાગ્યેજ વિચાર કરે ! એ રીતે આપના કામને હું અજોડ અને અપૂર્વ ગણું છું. આપે અંગત રીતે તો **આ ક્ષેત્રે અદ્ભૂત કામ કર્યું છે** પણ સાથે **ઘણાં બધાને આ કામમાં પ્રેરિત કરી, આપની રાહે ચાલતાં કર્યા છે.** જે પણ મોટી બીના છે. હું થોડાંને ઓળખું છું, એમાના એક મારા સ્નેહી મિત્ર શ્રી વિનુભાઈ હકાણી છે, જે આ ક્ષેત્રે અગ્રસર થઈ, આપના માર્ગે ચાલી નીકળ્યાં છે. આપને અને આપના સહ કાર્યકરોને મારા અભિનંદન છે. ગાંધીજીએ કહયું છે તે પ્રમાણે, આપે કાર્ય કર્યું છે. **'સારૂ કામ વિચારીને કરવું, તુરંત કરવું, જાતે કરવું, પૂર્ણ કરવું અને સરસ કરવું,'** એ રીતે આપ **ચૂસ્ત ગાંધીવાદી** ગણાવ.

સ્નેહાધિન

**Dr. S. G. Raol,** (CONSULTING PEDIATRICIAN)

## આવકાર

**તાજેતરમાં મુંબઈ ખાતે મળેલી પી.એન.આર. સોસાયટીની જનરલ સભામાં શ્રી અનંતભાઈ એ. શાહ (મફતભાઈ) ની ટ્રસ્ટી તરીકે નિમણૂંક કરવામાં આવી છે.**

**શ્રી મફતભાઈ નવજવાન સંઘના પાયાના કાર્યકર છે. પી.એન.આર. સંલગ્નિત વિવિધ સંસ્થાઓમાં ટ્રસ્ટી હોદ્દાર તરીકે તેઓએ સફળ કામગીરી બજાવી છે. તેઓના બહોળા અનુભવનો લાભ સંસ્થાને પ્રાપ્ત થશે. સંસ્થા પરિવાર તેઓશ્રીને ઉમળકાભેર આવકારે છે.**





# સંક્ષિપ્ત સમાચાર

✍ કૌશિક પરમાર



## એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક એન્ડ ઈન્સ્ટિટ્યૂટ

## સફળ વિકલાંગ તાલિમાર્થીઓ

ગુજરાતભરના વિકલાંગ ભાઈ-બહેનો, પી.એન.આર. સોસાયટી સંચાલિત એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં, **કોમ્પ્યુટરની તાલિમ**નો લાભ લઈ રહયાં છે. તાલિમ મેળવ્યા પછી તેમના **જીવનમાં કેવા પરિવર્ત**નો આવે છે તે લાભાર્થીઓએ આપેલી પોતાની સંઘર્ષ કથામાંથી, જાણવાના હેતુથી અહીં પ્રસ્તુત કરી છે.

### "મારા જીવનમાં અનુભવ્યો ચમત્કાર"



મારું નામ ગણાવા રાકેશ હીમરાજભાઈ છે. દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકામાં આવેલું ગામ ખારેલી મારું વતન. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કથી ૪૦૦ કિલોમીટર દૂર છે. જયાં કોમ્પ્યુટર શીખવા માટે કોઈ સગવડતા નથી. પી.એન.આર. સોસાયટીએ મને રહેવા-જમવાની સગવડતા સાથે, કોમ્પ્યુટર શીખવાની તક આપી, જેથી આટલે દૂરથી હું કોમ્પ્યુટર શીખવા ભાવનગર આવ્યો. જયારે હું ગામડે રહેતો ત્યારે, મારે બંને પગે વિકલાંગતા હોવાને કારણે સતત નિરાશા અનુભવતો હતો, કારણકે મારા પરિવારનો મુખ્ય વ્યવસાય ખેતીકામમાં મજૂરીનો છે, જે હું કરી શકું તેમ ન હતો. એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર શીખ્યો, અને મને નોકરી મળવાની શકયતાઓ વધતી જણાઈ, તેથી મારામાં આત્મવિશ્વાસ આવ્યો. મેં નોકરી મેળવવા માટે સંઘર્ષ કર્યો અને પ્રયાસો પણ કર્યા. આ પ્રયત્નોના પરિણામ સ્વરુપ મને **સાંઘી સિમેન્ટ કંપની**, આદિપુર-કચ્છમાં **એકાઉન્ટ આસિસ્ટન્ટ** તરીકે રૂા. ૧૦૦૦૦/- ના પગારથી મારી પસંદગી થઈ, ત્યારે જાણે મારા જીવનમાં ચમત્કાર થયો હોય તેવો અનુભવ થયો. આમ, મારા જીવનમાં આવેલું આ પરિવર્તન, **એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કને** આભારી છે.

### "પાલીતાણાથી આંદામાન નિકોબાર"



હું કાચવાલા તાહેર અલીહુસેન, મને મળેલી સિધ્ધી બદલ અને સક્ષમ બનાવવા માટે, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કનો આભાર માનતા પહેલાં, હું મારા જીવનની સંઘર્ષગાથા જણાવવા ઈચ્છુ છું. ભાવનગર જિલ્લાનું પાલીતાણા ગામ મારું વતન. હું વિકલાંગ હોવાથી મને સંબોધીને એવું કહેવાતું કે, "આને કોઈ નોકરી આપશે નહીં". નાનપણથી આવા શબ્દો મારા કાનમાં ગુંજતા રહયાં. મેં મન મકકમ રાખી, પગભર થવાના પ્રયાસો શરૂ કર્યા. કોલેજમાં અભ્યાસ કરતાં-કરતાં, એ.ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્કમાં કોમ્પ્યુટર શિખ્યો. મને કોમ્પ્યુટર આવડી જતાં, ભાવનગરની સર ટી. હોસ્પિટલમાં બે વર્ષ **કોમ્પ્યુટર ઓપરેટર** તરીકે અને પછી બાગાયત ખાતામાં ૬ મહિના નોકરી મળી. કોમ્પ્યુટરની આવડતને લીધે છેક, આંદામાન નિકોબારથી નોકરીની ઓફર આવી. જે મેં સ્વીકારી, બે વર્ષ કામ કર્યું. મારી ઈચ્છા ભાવનગરમાં નોકરી કરવાની હતી. નોકરી માટેની અરજી કરેલ, તેના ઈન્ટરવ્યુમાં સફળ થતાં, છેવટે મારી મંજીલ મને મળી ગઈ, મારી પસંદગી કરવામાં આવી. હાલમાં હું ભાવનગર યુનિવર્સિટીમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે રૂા. ૭૦૦૦/- ના પગારથી નોકરી કરી રહયો છું જેનો આનંદ હું વર્ણવી શકું તેમ નથી.




# સંક્ષિપ્ત સમાચાર

✍ વૈશાલી યોગી
અને નેહલ ત્રિવેદી



## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા - ટ્રસ્ટ

### નવરાત્રી મહોત્સવ :



આ વર્ષે **નવરાત્રીપર્વ**ની ઉજવણી ઉત્સાહ પૂર્વક કરવામાં આવી. દરેક નોરતે શાળાના પ્રાર્થના સમયમાં, બાળકો તથા શિક્ષકો વર્ગવાર રાસ રમ્યા. શનિવારે શાળાના મેદાનમાં, નર્સરીથી ધો. ૧૨ સુધીના તમામ બાળકો, શિક્ષકો અને ટ્રેનિંગ લેનારાઓએ મનમુકીને ગરબા લીધા.

### વિજ્ઞાનમેળો :

જી.સી.ઈ.આર.ટી. ગાંધીનગર પ્રેરિત, ભાવનગર તાલુકા કક્ષાના વિજ્ઞાનમેળામાં, માધ્યમિક શાળાની કૃતિ **થર્મો ઈલેક્ટ્રિક જનરેટરે** (વિભાગ નં.૨ ઉદ્યોગ) પ્રથમ સ્થાન મેળવ્યું. જિલ્લા કક્ષાએ ઉમરાળા ખાતે પણ, આ કૃતિ રજૂ થયેલ અને પ્રોત્સાહન મેળવેલ.

### દિવ્યાંગ ખેલ મહાકુંભ ૨૦૧૬ :

અંતર્ગત શાળાના કોમ્પ્યુટર શિક્ષક શ્રી પદ્માબેન ભલગામિયાએ, **ચક્રફેંકમાં પ્રથમ નંબર** અને **૧૦૦ મી. ટ્રાયસિકલ રેસ**માં ત્રીજો નંબર મેળવી વિજેતા થયેલ છે. રાજયકક્ષાએ પદ્માબેન વિજયી બને, તે માટે સંસ્થા પરિવારે શુભેચ્છા પાઠવેલ તથા અભિનંદન આપેલ.

### "અનામ પ્રેમ" ની નામી સફર (૨૦૧૬) :

અનામ પ્રેમ પરિવાર (સંસ્થા) મુંબઈ દ્વારા, આ વર્ષે ૨૦૧૬માં શ્રવણમંદો માટે વિવિધ સ્પર્ધાઓનું તથા વર્કશોપનું આયોજન ભુવનેશ્વર-ઓરિસ્સા રાજયમાં કરેલ હતું. આ સ્પર્ધામાં ભારતના જુદાં-જુદાં રાજયોમાંથી ૨૨ શ્રવણમંદ બાળકોની શાળાઓએ ભાગ લીધેલ. જેમાં આપણી શાળાના ૧૮ વિદ્યાર્થીઓ તથા પાંચ શિક્ષકો ભાગ



લેવા ગયેલ. તારીખ ૨૬/૯ થી ૦૫/૧૦ સુધી યોજાયેલ આ કાર્યક્રમમાં સૌ પ્રથમ ૨૯/૯ ના રોજ કાર્યક્રમનો ઉદ્‌ઘાટન સમારોહ અને શાળાઓનું સ્વાગત કરવામાં આવેલ. તા.૩૦/૯ ના રોજ ભુવનેશ્વરના ઐતિહાસિક તથા વિશેષ સ્થળોની મુલાકાત અને સાઈટસીનનો કાર્યક્રમ હતો. જેમાં નંદનકાનન ઝુ, કોણાર્ક સૂર્ય મંદિર, જગન્નાથપુરી મંદિર તથા બીચની સફર કરાવેલ. તારીખ ૧ ઓકટોબરે વિવિધ સ્પર્ધાઓ યોજાઈ. હતી જેમાં...

**♣ ન્યુઝ રિપોર્ટિંગ લેખન સ્પર્ધા :**

શાળાનો ધો. ૧૧ નો વિદ્યાર્થી અનીલ ધરાજીયાનો ઉપરોકત સ્પર્ધામાં **પ્રથમ નંબર** આવેલ. તેને **ટ્રોફી** તથા રૂા. ૫૦૦૦/- (૨૦૦૦ વિદ્યાર્થીને + ૩૦૦૦ શાળાને)નું રોકડ ઈનામ મળેલ.

**♣ દિલ કી ભાષા :**

આ સ્પર્ધામાં ધો. ૬ ની વિદ્યાર્થીની બંસરી ધંધુકિયા **પ્રથમ ક્રમ** મેળવી વિજેતા બની. જેને રૂા. ૨૫૦૦/- નું રોકડ ઈનામ પ્રાપ્ત થયેલ.

**♣ ગાયન સ્પર્ધા :**

આ સ્પર્ધામાં ધો. ૯ ની હિરલ કળસરિયાએ "દિલ તો પાગલ હૈ" ફિલ્મનું "કોઈ લડકી હૈ..." ગીત રજૂ કરી, સર્વોની પ્રશંસા મેળવેલ અને દ્વિતીય ક્રમે વિજેતા બની **ટ્રોફી** મેળવેલ.

**♣ અભિવ્યકિત સ્પર્ધા :**

જેમાં હર્ષદ અધારા (ધો.૧૦) અને જીત ચુડાસમા (ધો.૧૨) એ તૃતિય સ્થાન હાંસલ કરી, **સંયુકત ટ્રોફી**

મેળવેલ તેમજ **રૂા. ૫૦૦૦/-** (૨૦૦૦ વિદ્યાર્થી + ૩૦૦૦ શાળા) નું રોકડ ઈનામ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ ઉપરાંત શાળાને પણ **"કોર્ણાકવીલ"** ટ્રોફી મળેલ છે. આ સ્પર્ધાઓની સાથે-સાથે મડ આર્ટ, ક્રાફ્ટ વર્ક તથા કાર વોશિંગ જેવા **સ્કીલ ડેવલપમેન્ટ**ના વર્કશોપમાં બધાજ બાળકોએ ભાગ લીધો. ભુવનેશ્વરની વિધાનસભાની મુલાકાત લીધી હતી. સાંજે જુદાં-જુદાં રાજયોની ૨૨ શાળાઓએ, **સાંસ્કૃતિક કાર્યક્રમ** રજૂ કર્યો હતો. તેમાં આપણી શાળાના તમામ૧૮ વિદ્યાર્થીઓએ **"બેટી બચાવો, બેટી પઢાઓ"**ની થીમ ઉપર **"લાડલી"** ગીત પર ડાન્સ પર્ફોમન્સ આપી, તમામ શ્રોતાગણોની અશ્રુભીની આંખો સાથે **સ્ટેન્ડિંગ ઓવેશન** મેળવી, સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતાં. આ નેશનલ કક્ષાની ઈવેન્ટમાં આપણી શાળાએ ટોચના ક્રમે રહી, શાળા સંસ્થા પરિવારનું ગૌરવ વધાર્યું છે.

## કુસુમબેન રિહેબ સેન્ટર :



સંલગ્નિત **નીપા-ઉષા કલીનિક** જૂનાગઢ (પ્રથમ સેન્ટર) ની પ્રથમ બેચમાં ચાર માતાઓ મધર ટ્રેનિંગ લઈ રહયાં છે. જેઓ બે દિવસ માટે સંસ્થાની મુલાકાતે આવેલ.

## ભોજન :

શ્રી જયંતભાઈ વનાણી (શ્રી બુધાભાઈ) તરફથી શાળાના તમામ બાળકો અને કર્મચારીઓને તા. ૧૯/૯/૨૦૧૬ ને સોમવારના રોજ ભોજન કરાવવામાં આવ્યું. ત્યારબાદ તા. ૨૪/૯/૨૦૧૬ ને શનિવારના રોજ સાંજે શાળાના બાળકોને તેમણે **બીજી વખત ભોજન** કરાવેલ.

## જન્મ દિવસ :

સંસ્થાના નર્સરીના વર્ગમાં ભણતી કુ. રુદ્રી ભટ્ટના **જન્મ દિવસ** નિમિત્તે તેના વાલીએ, સંસ્થાની તમામ જરૂરિયાતવાળી દીકરીઓને **ઓકસોડાઇઝ ઓર્નામેન્ટ્સ** આપેલ તથા સંસ્થાના તમામ બાળકો અને કર્મચારીઓને આઈસ્ક્રીમ ખવરાવેલ. રુદ્રી સંસ્થાની સૌથી નાની વિદ્યાર્થીની છે.

## બેટી બચાવો :

તા.૧૪-૧૯ ના રોજ, ભાવનગરના શ્રી પિનાકીનભાઈ ગોહિલ (જૂનિયર બચ્ચન) દ્વારા **"બેટી બચાવો ઝુંબેશ"** અંતર્ગત પી.એન.આર. સંસ્થાની બધીજ શાળાઓની પંદર-પંદર દીકરીઓને બેગ, ચોકલેટ અને બિસ્કીટ આપવામાં આવેલ.

## રંગોળી :

તા. ૨૬/૧૦ ના રોજ શાળામાં દિવાળી વેકેશનનો આગળનો દિવસ હોવાથી બાળકો માટે **રંગોળી** બનાવવાની પ્રવૃત્તિનું આયોજન કરેલ. બાળકોએ પોતાના વર્ગની સાફ સફાઈ કરી અને મનગમતી રંગોળીઓ બનાવી. બધાજ શિક્ષકોએ દરેક રંગોળીઓ જોઈને બાળકોને પ્રોત્સાહિન આપેલ.

## વાલી મીટિંગ :

તા. ૨૭/૧૦ ના રોજ **વાલી મીટિંગ** યોજાઈ. જેમાં વાલીઓએ બહોળા પ્રમાણમાં હાજરી આપેલ. આ મીટિંગમાં મંત્રીશ્રી તથા આચાર્યશ્રીએ વાલીઓને જરૂરી સૂચન કરેલ. બાળકો દ્વારા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરવામાં આવેલ તેમજ શાળાના શિક્ષક શ્રી કવિતાબેને વાલીઓને ખૂબજ ઉપયોગી સાઈન શીખવેલ.

## પ્રથમ નંબર :

તા. ૧૧/૧૧ ના રોજ હૈદરાબાદમાં રામોજી ફિલ્મસીટી ખાતે, દિવાલી ફેસ્ટિવલ નિમિત્તે **ડાન્સ સ્પર્ધા** હતી. જેમાં શાળાના શિક્ષિકા શ્રી શ્રીમબેને **કલાસીકલ ડાન્સ** રજૂ કરી ૧૦૦ સ્પધર્કો વચ્ચે **પ્રથમ નંબર** મેળવી વિજેતા બનેલ.

## જન્મદિવસ ભેટ :

શાળાના બાળકોને તેમના જન્મ દિવસ નિમિતે નાની-મોટી કંઈ ભેટ મળે તેવું આયોજન, આચાર્યશ્રી પ્રજ્ઞાબેન ત્રિવેદી દ્વારા છેલ્લાં ઘણાં વર્ષોથી થાય છે. આ વર્ષે શ્રી પ્રજ્ઞાબેન અને શ્રી પિનાકીનભાઈ ત્રિવેદીના સૌજન્યથી બાળકોને ભેટ મળી.

## દિપોત્સવી દાન :



તા. ૨૭/૧૦/૨૦૧૬ ના રોજ શ્રી ઈનર વ્હીલ કલબ ઓફ ભાવનગર દ્વારા, **"શ્રીમતિ રશ્મિ મનહર સહાય નિધિ કોર્પસ ફંડ"** અન્નદાનના લાભાર્થીઓને તથા સ્ટાફ વેલ્ફેર ફંડના સંસ્થાના ચોથા વર્ગના કર્મચારીઓને દિવાળી ઉત્સવને અનુરૂપ, **જીવન જરૂરિયાતની વસ્તુઓ** ફાળવવામાં આવી હતી. આ માટે શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદી, શ્રી ભારતીબેન પરીખ, શ્રી જાગૃતિબેન શેઠ, શ્રી ભાવનાબેન મહેતા તથા અન્ય બહેનોએ સક્રિય ભાગ લીધેલ.

# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ

## પી.પી.ટી. :

તા.૨૭/૮ ના રોજ મહાવીર ઓડિટોરિયમમાં ટ્રેનિંગ કોલેજના હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ શ્રી સંતોષભાઈ યાદવ દ્વારા "How to make a research paper" વિષય પર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. આ પીપીટી મારફત શિક્ષકોને રસપ્રદ માહિતી મળેલ. ઉપરાંત કોલેજના વિદ્યાર્થી શ્રી ભુવનેશ શર્મા દ્વારા "Councelling psychology" વિષય પર PPT રજૂ કરવામાં આવેલ.

## શિક્ષક દિનની ઉજવણી :



તા. ૫ સપ્ટેમ્બરના **શિક્ષકદિન**ના દિવસે કોલેજના તાલિમાર્થીઓએ વિશિષ્ટ ઉજવણી કરેલ. વિદ્યાર્થી દ્વારા સુંદર **સાંસ્કૃતિક કૃતિઓ** તથા આ દિવસ વિશે પોતાના વિચારો રજૂ કરવામાં આવેલ.

## CRE પ્રોગ્રામ:


તા.૧૩-૧૦-૧૬ થી ૧૭-૧૦-૧૬ સુધી કોલેજ દ્વારા CRE પ્રોગ્રામનું આયોજન થયેલ. "Teaching to be a teacher in a college/institute" વિષય પરના આ CRE માં વિશિષ્ટ તજજ્ઞો દ્વારા, શિક્ષકોને ખૂબજ વિગતે જ્ઞાનાત્મક માહિતી આપવામાં આવેલ. આ પ્રોગ્રામના સમાપન કાર્યક્રમમાં શ્રી જયંતભાઈ વ્યાસ (એજયુકેશન ડિપાર્ટમેન્ટ ડીન), વડીલ શ્રી બાબાભાઈ, શ્રી મફતભાઈ, શ્રી અશ્વિનભાઈએ હાજરી આપી તાલિમાર્થીઓને પ્રમાણપત્ર અને CD આપેલ તથા પોતાના આ જ્ઞાનનો ઉપયોગ કરવા માટે દરેકને શુભેચ્છા આપેલ.

# છાત્રાલય વિભાગ

## શરદપૂર્ણિમાની ઉજવણી :

શાળાના છાત્રાલયમાં **શરદપૂર્ણિમાની ઉજવણી** કરવામાં આવી હતી. જેમાં બાળકોએ ટ્રેડિશનલ કપડાં અને ઘરેણાં પહેરીને તૈયાર થઈ, રાસગરબાનો આનંદ માણ્યો. જેમાં બાળકોએ ઉંધીયુ, પુરી, દહીંવડાના ભોજનની લહેજત માણી હતી. તેમજ દરેક બાળકને ઈનામ આપી પ્રોત્સાહિત કરાયા. આ કાર્યક્રમમાં શ્રી અશ્વિનભાઈ, શ્રી મીતાબેન અને શ્રી બિન્દીબેને હાજરી આપી, બાળકોના ઉત્સાહમાં વધારો કર્યો હતો. છાત્રાલયના ગૃહમાતા શ્રી સ્નેહાબેન જોશી, શ્રી હેતલબેન પારેખ, શ્રી જયશ્રીબેન જાની અને શ્રી સંગીતાબેન દ્વારા આ સંપૂર્ણ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

## સલામ એ દિલદારીને, સલામ એ દાતારીને :



"સ્ટાફ વેલફેર" શબ્દ જ આપણને બતાવે છે કે, આપણી સાથે દિવસ રાત કામ કરતાં, ચોથા વર્ગના કર્મચારીઓ માટે, તેનાં હિત ને ધ્યાનમાં રાખી એવું કાર્ય કરવામાં આવે, જે તેને તેનાં દિલથી બજાવેલ ફરજના બદલે, તેઓએ આપણાં નાના-નાના દિવ્યાંગ બાળકોની સેવા માટે, પોતાના બાળકોને અળગા કરી, આપણાં દિવ્યાંગોને ખોળામાં લીધાં છે, જેઓના મા બાપે ત્યજી દીધા હોય, તેવાને ખૂબ પ્રેમથી ચુમ્યા છે. આવા ઓછી આવક ધરાવનાર કર્મચારીઓને, પોતાના કુટુંબના પાલન પોષણ કરવામાં તકલીફ ન પડે તે માટે, બહેરાં મૂંગા શાળાના વેલ્ફેર ઓફિસર શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી, શ્રી માનવ સેવા વિકાસ ટ્રસ્ટ તથા શ્રી લાયન્સ કલબ ઓફ રાજકોટ "આવકાર"ના સંયુકત સહયોગથી શ્રી બહેરાં મૂંગા શાળા, શ્રી અંકુર મંદબુધ્ધિના બાળકોની શાળા, શ્રી કે. કે. બ્લાઈન્ડ સ્કૂલ, સી.પી. મગજના લકવાવાળા બાળકોની શાળા, શ્રી પી. એન. આર. હોસ્પિટલ, શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ, શ્રી બધિર મંડળ, શ્રીમતિ રશ્મિ-મનહર સહાય નિધિ કોર્પસ ફંડના લાભાર્થીઓ, ઓછી આવક ધરાવનાર તમામ

કર્મચારીઓ તથા લાભાર્થીઓને દર મહિને રાહતદરે અનાજની કીટ આપવાનો ભગીરથ પ્રયત્ન કરેલ છે. ઉપરોકત બંને સંસ્થાઓના સહયોગથી વ્યકિત દીઠ રૂા. ૫૦૦/- ની કીટની કિંમતમાં રાહત આપવામાં આવે છે, જે બદલ ઉપરોકત તમામ સંસ્થા, તેમજ તમામ સંસ્થાના કર્મચારીઓ વતી શ્રી લાયન્સ કલબના પ્રેસિડેન્ટ શ્રી મધુભાઈ રાચ્છ તથા શ્રી માનવ સેવા વિકાસ ટ્રસ્ટના શ્રી હિતેશભાઈ કોઠારીનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. જૂલાઈ માસમાં ૯૫ કીટ રાજકોટથી ભાવનગર પહોંચાડેલ અને ઓગસ્ટ માસમાં ૧૦૭ કીટ પુરી પાડેલ છે. બધીજ સંસ્થાઓના જરૂરતમંદ કર્મચારીઓને રાહતદરે અનાજની કીટ મળે તે પ્રોજેકટ માટે સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ માર્ગદર્શન અને આટલો મોટો પ્રોજેકટ દર માસે સરળતાથી થઈ શકે તે માટે જરૂરી તમામ સવલત પુરી પાડી, પ્રોત્સાહન આપેલ છે. બહેરાં મૂંગા શાળાના ઓછી આવક ધરાવનાર જરૂરિયાતમંદ કર્મચારીઓના કલ્યાણ માટે શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદીના પ્રયત્નથી મુંબઈના દાતા શ્રી ચંદ્રકાંતભાઈ મૂળચંદ શાહ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા, રૂા.૪૫૦૦૦/નું તથા શ્રી રસેશભાઈ તથા શ્રીમતિ અમીબેન વ્યાસ તરફથી રૂા. ૨૫,૦૦૦/- નું દાન આપવામાં આવેલ છે, જેમાંથી જૂલાઈ માસમાં સંસ્થાના જરૂરિયાતમંદ ૩૦ કર્મચારીઓને તેલનો ડબ્બો નંગ ૧, ઓગસ્ટ માસમાં દરેકને ૫ કિ. ઘઉં, ૧ કિ. ખાંડ અને ૧ કિ. ગોળ આપવામાં આવેલ, જે દર મહિને આપવામાં આવશે. સંસ્થા ઉપરોકત બંને દાતાઓનો આભાર માને છે.

### "સેવા તીર્થ" ની મુલાકાત :

સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતિ બિન્દીબેન ત્રિવેદી, બહેરાં મૂંગા બાળકો અને તેના વાલીઓ સાથે દિવ્યાંગ વ્યકિતઓ માટે આશીર્વાદ રૂપ એવું વ્યવસાયિક કેન્દ્ર એટલે "સેવા તીર્થ". 'વડોદરા પાસે નાનું એવું ગામ "તરસાલી" અને ત્યાં બધાજ પ્રકારના દિવ્યાંગોને પગભર કરવા માટે એક સુંદર યવસાયિક તાલિમ કેન્દ્ર ચાલે છે. જે તાલિમ કેન્દ્રમાં રોગમુકત થયેલાં કુષ્ટરોગીઓને, અંધ, બહેરાં-મૂંગા, મંદબુધ્ધિ ધરાવતાં વ્યકિતઓ, શારીરિક ખોડ ખાંપણ ધરાવનાર દિવ્યાંગો, અનાથ બાળકો સર્વ એક સમાન, એક જ જગ્યાએ, અલગ-અલગ વ્યવસાયની તાલિમ આપવામાં આવે છે. જેમાં ફાઈલ બનાવવાનું, ચંપલ બનાવવાનું, ઈલેકટ્રોનિકસ આઈટમના સ્પેર પાર્ટ જોડવાનું, સીલાઈ, એમ્બ્રોડરી, વેસ્ટમાંથી બેસ્ટ, બ્યુટી પાર્લર જેવી અનેક પ્રકારની તાલિમ ઉપરાંત, બહેરાં મૂંગા બાળકોને માટે માર્કેટિંગ શીખવવા માટે "પંક" નામનો એક કોર્સ બે માસનો ચાલે છે. આ કોર્ષ બે માસનો છે, બે માસ દરમ્યાન તાલિમાર્થીને રહેવા-જમવા તથા તાલિમ સંપૂર્ણ નિઃશૂલ્ક છે. આ તાલિમ બાદ તુરતજ નોકરી અંદાજે રૂા. ૭૦૦૦/- થી



રૂા. ૧૦,૦૦૦/- મળી જવાની ૧૦૦% ગેરન્ટી આપવામાં આવે છે, જે માટે સંસ્થા, તેમજ તેના સંચાલક શ્રી પરશોતમભાઈ પંચાલ ધન્યવાદને પાત્ર છે.'

## ઓડિયોલોજી વિભાગ

### કોકિલયર ઈમ્પલાન્ટ અપડેટ :

હિન્દુજા હોસ્પિટલ ખાતે, **કોકિલયર ઈમ્પલાન્ટ અપડેટ** પર ૮, ૯ જૂલાઈમાં સેમિનાર હતો. જેમાં ન્યુબોર્ન સ્ક્રિનિંગ, કોકલિયર ઈમ્પ્લાન્ટ પર માહિતી AVT થેરાપી, ADIP પ્રોગ્રામ ઉપર ચર્ચા વિચારણા કરવામાં આવેલ. જેમાં ૯૦ જુદાં-જુદાં સેન્ટરોમાંથી નિષ્ણાંતોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું આયોજન ડૉ. મિલીન્દ કિર્તને કરેલ. જેમાં આપણી સંસ્થાના ઓડિયોલોજીસ્ટ શ્રી અનિલકુમાર સિંહે ભાગ લીધેલ.

### AVT થેરાપી પર વકતવ્ય :

સંસ્થામાં ૧૩/૧૦/૨૦૧૬ થી ૧૭/૧૦/૨૦૧૬ સુધી CRE પ્રોગ્રામનું આયોજન કરેલ હતું. જેમાં ૩૦ વિશિષ્ટ શાળાના શિક્ષકોએ ભાગ લીધેલ. જેમાં શ્રી અનિલકુમાર સિંહે 'અર્લી ઈન્ટરવેન્શન' તથા AVT થેરાપી પર વકતવ્ય આપેલ.

### હીયરીંગ એઈડ ફીટિંગ કેમ્પ :


૨૧, ૨૨ ઓકટોબર ૨૦૧૬ ના રોજ સંસ્થામાં GNR Resound કંપનીના સૌજન્ય દ્વારા, **બે દિવસ કેમ્પ**નું આયોજન કરેલ. જેમાં ૧૦૩ દર્દીઓએ ભાગ લીધેલ. કેમ્પ દરમિયાનની તપાસ બાદ ૧૬ દર્દીઓને હીયરીંગ એઈડ ફીટિંગ કરેલ.

### પેરેન્ટસ મીટ-૨૦૧૬ :

૨૫ ઓકટોબર ૨૦૧૬ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ, પી. એન. આર. સોસાયટી દ્વારા આયોજીત, **પેરેન્ટસ મીટ-૨૦૧૬** અંતર્ગત, સંસ્થાના ઓડિયોલોજીસ્ટ શ્રી અનિલકુમાર સિંહે બહુવિકલાંગતા ધરાવતાં બાળકોના વાલીઓને ભાષા તથા વાણી વિકાસ માટેની પધ્ધતિઓ, તેમજ કોકલિયર ઈમ્પ્લાન્ટ ટેકનોલોજી ઉપર માહિતી તથા વ્યાખ્યાન આપેલ.

# પી. આર. વાધર સમાચાર

## સાધન સહાય કોર્પસ ફંડ :




શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા ટ્રસ્ટ સંચાલિત, શ્રીમતિ પ્રભાકુંવરબેન વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર ખાતેથી, શારીરિક વિકલાંગતા ધરાવતાં જરૂરતમંદ લાભાર્થીઓને કૃત્રિમ હાથ, કૃત્રિમ પગ, ટ્રાયસિકલ, કેલીપર સાધનો, તેમજ ભારત વેલ્વેટ ઓડિયો કલીનીક ખાતેથી, શ્રવણયંત્રોનું ખૂબ જ રાહતદરે વિતરણ કરવામાં આવે છે. જેમાં ઘણાં ગરીબ દર્દીઓ પૈસાના અભાવે, તકલીફ હોવા છતાં જરૂરી સાધનોથી વંચિત ન રહી જાય તે માટે, ભાવનગરના **"એસ્ટેટ ઓફ લેઈટ અનુપમાબેન (ઝૈતુનબેન) અહેમદઅલી કપાસી"** ના એકિઝકયુટિવ શ્રી વિનુભાઈ જે. પરીખ અને શ્રી જીતુભાઈ સી. મહેતા તરફથી, રૂા. ૨૦,૦૦,૦૦૦/- (વીસ લાખ) નું માતબર દાન "સ્વ. અનુપમાબેન (ઝૈતુનબેન) અહેમદઅલી કપાસી સાધન સહાય ફંડ" તરીકે આપવામાં આવેલ છે. તેના વ્યાજની રકમમાંથી દર વર્ષે જરૂરતમંદ ગરીબ દર્દીઓને સાધન સહાય આપવામાં આવશે. આ દાનની રકમનો ચેક શ્રી જીતુભાઈ મહેતાએ, સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહને અર્પણ કરેલ છે. જે પ્રસંગે સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને ખજાનચી શ્રી જીતુભાઈ શાહ પણ ઉપસ્થિત રહેલ.

## સાધન સહાય :


પી. આર. વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર દ્વારા સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર માસ દરમિયાન કુલ ૩૪૦ લાભાર્થીઓને તપાસવામાં આવ્યાં, જેમાંથી ૧૯૫ લાભાર્થીઓને આશરે ૨૯૫ જુદાં-જુદાં સાધનો જેવા કે, આર્ટીફિશીયલ હેન્ડ, આર્ટીફિશીયલ લેગ, સ્પાઈનલ જેકેટ, વાલગસ પેડ, એલ.એચ. બેલ્ટ, ની બ્રેસ વગેરે સાધનો પૂરા પાડેલ છે. તેમજ જરૂરીયાતવાળા દર્દીઓને **સર્વાઈકલ કોલર**, ફકત ટોકન પેમેન્ટથી પૂરું પાડવામાં આવેલ.

## ની બ્રેસ કેમ્પ :



પી. આર. વાધર વિકલાંગ સાધન સહાય કેન્દ્ર દ્વારા સપ્ટેમ્બર, ઓકટોબર, નવેમ્બર દરમિયાન, કુલ ૧૭ **ની બ્રેસના કેમ્પ** કરવામાં આવેલ. જેમાં હેલ્પ એજ ઈન્ડિયા, કેન્દ્ર સરકાર દ્વારા છેવાડાના ગામો જેવા કે, કોલીઘાટ, કલકત્તા, ઘટાંના (નાગપુર), છોટુંપલ (તેલંગાણા), તેમજ દિલ્લી મુકામે કેમ્પ યોજવામાં આવેલ. જેનો લાભ આશરે ૬૭૫ લાભાર્થીઓએ લીધેલ. ઉપરાંત પુના, અહેમદનગર, ગોવા, જલંધર તથા જયપુર મુકામે, **ની બ્રેસના કેમ્પ** યોજાયેલ. ની બ્રેસના ઉપયોગથી ની રીપ્લેસમેન્ટની જરૂરિયાત રહેતી નથી અને દર્દીને ઘુંટણના દુ:ખાવામાં ખૂબજ રાહત રહે છે.

## કૃત્રિમ સાધનોનો કેમ્પ :



તા. ૭ થી ૧૧ ઓકટોબર દરમિયાન, **કૃત્રિમ સાધનોનો કેમ્પ** પ્રસિધ્ધ કથાકાર શ્રી રમેશભાઈ ઓઝા (પૂ.ભાઈશ્રી) ના આશ્રમ પોરબંદર ખાતે યોજવામાં આવેલ. જેમાં ૯૦ લાભાર્થીઓને ૧૧૦ કૃત્રિમ સાધનો પૂરા પાડવામાં આવેલ. આ કેમ્પમાં શ્યામએ. આંબલિયા ૧૩ વર્ષનો કિશોર જેનો અકસ્માતમાં પગ કપાયેલો, તેને ભાઈશ્રીના આશીર્વાદથી ક્રોસલેગ પગ મળ્યો અને તે ચાલતો થયો. તે શ્યામને ભવિષ્યમાં ચિત્રકાર બનવાની અભિલાષા છે.




# સંક્ષિપ્ત સમાચાર

✍ નેહલ ગઢવી

## ‘અંકુર’ મંદબુદ્ધિવાળાં બાળકોની વિશિષ્ટ શાળા



### નવરાત્રી પર્વની ઉજવણી :



શાળા ખાતે, તા. ૬/૧૦ ના રોજ આદ્યશકિત પર્વ (નવરાત્રી) ની ઉજવણી કરવામાં આવેલ. આ પ્રસંગે ડૉ. ભાવનાબેન અંધારિયા દ્વારા પ્રાર્થના, શ્લોકગાન કરાવવામાં આવેલ. સંસ્થાના કારોબારી સભ્યશ્રી દેવલભાઈ શાહ દ્વારા, આવેલ મહેમાનોનું શાબ્દિક તેમજ સ્મૃતિભેટ દ્વારા સ્વાગત કરવામાં આવેલ. ત્યારબાદ મહેમાનશ્રીઓ, ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફમિત્રો તેમજ વાલીઓ દ્વારા, **સમૂહ આરતી** કરવામાં આવેલ. તેમજ બાળકો વાલીઓ તથા સ્ટાફમિત્રો દ્વારા રાસગરબા રમવામાં આવેલ. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે મેયરશ્રી નીમુબેન બાંભણીયા, શ્રી જીતુભાઈ સોની (સેક્રેટરી ગોલ્ડન ગ્રુપ), જે.પી. પાન્ડે (ડી.આર.એમ. પશ્ચિમ રેલ્વે), ગુજરાતી ફિલ્મ, **‘આપણે તો છીએ બિન્દાસ’**ના ડાયરેકટર શ્રી નિશાંત દવે, તેમજ કલાકારોએ નવરાત્રી પ્રોગ્રામમાં હાજર રહી બાળકોને પ્રોત્સાહિત કરેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી પારસભાઈ પરમારે કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન પ્રિન્સીપાલ શ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.

### વાલી મીટિંગ અને કાનૂની શિબીર :

તા.૨૫/૧૦ ના રોજ શાળામાં અર્ધવાર્ષિક **વાલી મીટિંગ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭ ના પ્રથમ સત્રાંતના અંતે બાળકની પ્રગતિ અંગેનો અહેવાલ આપવામાં આવેલ. વિશેષમાં આ વાલી મીટિંગ અંતર્ગત જ, એક **કાનુની માર્ગદર્શન**ના સેશનનું પણ આયોજન કરવામાં આવેલ. જેમાં શહેરના પ્રિન્સીપલ જજશ્રીએ, વાલીઓને



ખૂબજ સરળ શૈલીમાં કાનુની માર્ગદર્શન આપેલ અને વાલીઓને મુંજવતા પ્રશ્નોનું સચોટ અને સરળ ઉપાયો બતાવવામાં આવેલ. આ પ્રોગ્રામમાં શ્રી ડી.જે. ધંધુકિયા, સંસ્થાના ટ્રસ્ટીશ્રી વિનુભાઈ હકાણી હાજર રહેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવીએ અને આભારવિધિ શ્રી મેઘજીખાન સાયબાણીએ કરેલ.


### સ્પેશ્યલ ખેલ મહાકુંભ :



તાજેતરમાં તા.૧૬/૧૦ ના રોજ ભાવનગર યુનિવર્સિટીના ગ્રાઉન્ડ ખાતે, **સ્પેશ્યલ ખેલ મહાકુંભ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના બાળકોએ, વિવિધ એથ્લેટિકસ અને ટીમગેઈમમાં ભાગ લઈ **૧૨ બાળકોએ પ્રથમ, ૫ બાળકોએ દ્વિતીય** અને **૮ બાળકોએ તૃતિય સ્થાન મેળવી**, શાળાનું નામ રોશન કરેલ. આ બાળકોને શાળાના શિક્ષકો દ્વારા તાલિમ આપવામાં આવેલ.

### ફિઝીયોથેરાપી અંગે સેમિનાર :

તા.૧૮/૧૦ ના રોજ શાળા ખાતે તાલિમ મેળવતાં મંદબુધ્ધિવાળા બાળકોના વાલીઓ માટે **ફિઝીયોથેરાપી અંગેના એક સેમિનાર**નું આયોજન કરવામાં આવેલ. શાળામાં તાલિમ મેળવતાં મંદબુધ્ધિના બાળકો, કોઈને કોઈ પ્રકારની



શારીરિક તકલીફો પણ ધરાવતાં હોય છે. મંદબુધ્ધિત્વની સાથે, શારીરિક તકલીફ હોય તો આ પરિસ્થિતિ ખુબજ વિકટ બને છે આ પ્રકારના બાળકોની કઈ રીતે સંભાળ લેવી? તથા કેવા કેવા પ્રકારની ટ્રીટમેન્ટ દ્વારા સામાન્ય વાતાવરણમાં સમાયોજન કરી શકે, તે અંગેની સંર્પૂણ માહિતી શાળાના ફિઝીયોથેરાપિસ્ટ ડૉ. રાધીકાબેન રાઠોડ (B.P.T.) દ્વારા આપવામાં આવેલ. જેમાં કુલ ૪૦ વાલીઓએ રસપૂર્વક ભાગ લીધેલ. આ પ્રસંગે શાળાના પ્રિન્સીપાલ દ્વારા પ્રાંસગિક ઉદ્‌બોધન કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી નેહલબેન ગઢવી દ્વારા કરવામાં આવેલ.

## શુભેચ્છા મુલાકાત :



તા.૨૨/૧૦ ના રોજ ભાવનગર પૂર્વના ધારાસભ્ય, તેમજ સંસદીય સચીવ માનનીય શ્રી વિભાવરીબેન દવેએ શાળાની શુભેચ્છા મુલાકાત લઈ, બાળકો સાથે સારો એવો સમય પસાર કરી, ડી.જે. અને ડાન્સ દ્વારા મનોરંજન કરવામાં આવેલ. વિશેષમાં ભાવનગર શહેરના વિવિધ મિડીયા ખાસ કરીને T.V. 9 દ્વારા સમગ્ર શાળાનું વિશિષ્ટ કવરેજ કરવામાં આવેલ.

# નૂતન વર્ષાભિનંદન



૨૦૪૭ના **નૂતન વર્ષ નિમિત્તે** તા. ૫/૧૧/૨૦૧૬ ના રોજ, **સ્નેહ સંમેલન**નું આયોજન પી. એન. આર. સોસાયટી સંલગ્નિત શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળામાં થયેલ. અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળાના મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠે, વિવેક, શ્રધ્ધા પૂર્વક કામ કરી, વિકલાંગ બાળકોની સેવા કરીએ, એવી શુભેચ્છા આપી હતી. આ પ્રસંગે અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની શાળા, બહેરાં મૂંગા શાળા, સી.પી. સ્કૂલ, અંધશાળા, શ્રી વી. સી. લોઢાવાળા હોસ્પિટલના ટ્રસ્ટીગણ તથા કર્મચારીગણ ઉપસ્થિત રહેલ હતાં.

# દાતાશ્રીની 'વિકલાંગ તીર્થ' મુલાકાત



પી. એન. આર. સોસાયટીમાં સંસ્થા સાથે પ્રારંભથી જોડાયેલ દાતા, માર્ગદર્શક, હાલ આઈસલેન્ડ સ્થિત, શ્રી ખુશેન્દ્રભાઈ દેસાઈ તથા તેઓના પૌત્ર બ્રાન્ડોન દ્વારા, તા. ૨૨ અને ૨૩ નાવેમ્બાર ૨૦૧૬ દરમિયાન સંસ્થાની મુલાકાતે આવ્યાં હતાં. "અંકુર" શાળા ખાતે, સ્વ. શ્રીમતિ થોરલબેનને શ્રધ્ધાંજલિ અર્પિત કરાય હતી. સંસ્થાના વિવિધ વિભાગો જેવા કે, એ. ટી. એન્ડ ટી. ટેકનોલોજી પાર્ક, પી. આર. વાધર આર્ટિફિશીયલ લિમ્બ સેન્ટર, નટરાજ સેરિબ્રલ પાલ્સી સ્કૂલ, શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા, શેઠ શ્રી વી.સી. લોઢાવાળા હોસ્પિટલ અને મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી અંધશાળાની તેઓએ મુલાકાત લીધેલ હતી. સંસ્થાના ટ્રસ્ટીગણ, કર્મચારીગણ, શિક્ષકગણ સાથે રસપ્રદ વાતો કરી, માહિતી મેળવી હતી. તેઓશ્રી સંસ્થાના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઈડ રહયાં છે અને વિકલાંગતા અંગેની પ્રવૃત્તિના પ્રોત્સાહક રહયાં છે.

PNR
HOPE 4 ALL

# અમો ઋણી છીએ દાતાઓના

## ૧ ઓક્ટોબર - ૨૦૧૬ થી ૩૦ નવેમ્બર - ૨૦૧૬ સુધી
## રૂ. ૧૦૦૦ કે તેથી વધારે મળેલ રકમની દાનની યાદી

## P. N. R. SOCIETY

### (35 A.C.) : Medical

| | |
|---|---|
| Shri Rama Rajanikant Patel, Mumbai | 51000 |
| Shri Nikunj Chinubhai Dhuldhoya, Mumbai | 15000 |
| Shri Ranbir Rishikapoor, Mumbai | 200000 |
| Shri Jekishan Jagmohandas Vora, Mumbai | 5001 |
| Shri Usha Chandravadan Shah, Mumbai | 100000 |
| Shri Yogesh C. Shah, Bhavnagar | 50000 |

### CP School Const. & Corpus Fund

| | |
|---|---|
| Estate of Late Shri Anupamaben Ahemadali Kapasi, Bhavnagar | 1000000 |

### (80-G)

| | |
|---|---|
| Shri Bharatsinh Agrasinh Jadeja, Bhavnagar | 2500 |
| Shri Upendrabhai J. Trivedi, Mumbai | 15000 |
| B. K. Parekh Parkinson's Disease & Movment Disorder, Mahuva | 35000 |
| M/s. Thakkar Electronics, New Mumbai. | 1001 |
| Shree Mumbadevi Mandir Charities, Mumbai. | 200000 |
| Shri Valia Shubh Trust, Mumbai | 11111 |
| Shreyas Pracharak Sabha, Mumbai | 50000 |
| Diwaliben Mohanlal Mehta Charitable Trust, Mumbai | 1750000 |

### (FCRA)

| | |
|---|---|
| Impect Foundation, U.K. | 1126250 |
| The Dalal Family Foundation, U.S.A. | 1536634 |

## K. L. INSTITUTE FOR THE DEAF

### (35 A.C.)

| | |
|---|---|
| Estate of Late Anupamaben Ahemadali Kapasi - Bhavnagar | 2000000 |
| Shri Geetaben Ashvinkumar Pandya-Bhavnagar | 50000 |
| Shri Nishithbhai Dave - Ahmedabad | 7000 |
| Janak Enterprise - Bhavnagar | 25000 |
| Jwel Star - Surat | 900000 |
| Labline Equipment Pvt.Ltd - Vadodara | 150000 |
| Meenaben Chandrakantbhai Makati-Mumbai | 200000 |

### (80-G)

| | |
|---|---|
| Shri Ankitbhai Rajgor - Bhavnagar | 3600 |
| Shri Ajaybhai Doshi - Bhavnagar | 6500 |
| Shri Jasumatiben C. Vasa - Mumbai | 10000 |
| Shri Girishbhai Shah - Bhavnagar | 3300 |
| Shri Kamleshbhai R. Sheth - Bhavnagar | 5000 |
| Shri Bhumikaben Gupta - Bhavnagar | 2100 |
| Sarvesh Jain & Madhu Jain - Bhavnagar | 5000 |
| Shri Atulbhai Goswami - Bhavnagar | 3000 |
| Bhartiya Sanskruti Savandhark Trust-Porbandar | 224450 |
| Shri Truptiben Manojbhai Doshi - Bhavnagar | 15000 |
| Shri Dhruv Rameshbhai Dabhi - Bhavnagar | 1100 |
| Sairam Marbal - Jasdan | 1200 |
| Neepa Usha Clinic - Junagadh | 2100 |
| Trushape Precision Casting Pvt Ltd - Shampara | 3300 |
| Shri Akshaybhai Marfatia - Mumbai | 1500 |
| Valia Shubh Trust - Mumbai | 11111 |
| Shri Mukeshbhai Rasikbhai Devani - Mumbai | 15000 |
| Shri Pratapbhai Parshotambhai Devani - Surat | 5000 |
| Inner Wheel Club of Bhavnagar - Bhavnagar | 11500 |
| Shri Chetankumar Manmohanbhai Tamboli - Bhavnagar | 100000 |
| Shri Suryakantbhai Chavda - Bhavnagar | 2500 |
| Shri Bhavanbhai Vashrambhai Gadara - Rajkot | 1000 |
| Shri Durlabdas Haveri - Bhavnagar | 1501 |
| Shri Sureshbhai Trivedi - Bhavnagar | 3700 |
| Shri Soniya Purshvani - Bhavnagar | 2500 |

## ANKUR SCHOOL FOR M. R. CHILDREN

### (80-G)

| | |
|---|---|
| In Memory of Late Shri Anupamaben (Zaitunben) Kapasi - Bhavnagar | 7,50,000 |
| Shri Golden Group - Bhavnagar | 6100 |
| Shri Alpeshbhai K. Sheth - Bhavnagar | 5000 |
| Shri Rameshbhai D. Maheta - Mumbai | 5000 |
| Shri Nareshbhai B. Bhalgamiya - Bhavnagar | 2100 |
| Shri Narandas Thakkar - U.K. | 2000 |
| Shri J. P. Panday - Bhavnagar | 1500 |



## વાચકો લખે છે


The Old Vicarage, Silver st
Lyme regis Dt7 3hs
Dorset u.k.
**Dt. Sept. 29th 2016**

**Dear friends at PNR,**

*It is always a joy to receive your magazine. I am enormous or delight to receive the English version which must have taken you all so much time & efforts. Thank you.*

**- Lady Anne Prance**


આહલાદક સુગંધ
વાતાવરણમાં લાવે રંગત...
તાલ મિલાવે પરસ્પરના સબંધની સંગત...
તન મન ઝુમી ઉઠે... હર પળ બને મંગલ...




माजा अगरबत्ती
करोड़पती अगरबत्ती
સિલ્વર પેકમાં
डेनिम Flora
SANDAL Agarbatti
डेनिम अगरबत्ती

...ઉત્પાદક... શશી ઈન્ડસ્ટ્રીઝ ભાવનગર-અમદાવાદ-બેંગ્લોર
email:shashiho@sancharnet.in

Koshish Thi Kamyabi ♦ RNI No. GUJGUJ/2013/48176 ♦ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2016-18 ♦ Monthly ♦ Postage stamp in cash
Date of Publication : 15 December-2016 ♦ Posted at 20th of every month at BHAV.RMS ♦ Subscription Rs. 150 per year (12 Issue) ♦ Total Page : 24




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com